ભાજપે દિલ્હીમાં મુખ્યમંત્રી પદ માટે પોતાના કોઈપણ નેતાને ચહેરો જાહેર કરીને ચૂંટણી લડી ન હતી. ભાજપે દિલ્હીની ચૂંટણી પીએમ મોદીના નામ અને કામ પર લડી હતી. આમ આદમી પાર્ટી અને અરવિંદ કેજરીવાલ સમગ્ર ચૂંટણી દરમિયાન ભાજપને એક જ પ્રશ્ન પૂછતા રહ્યા કે ભાજપે જણાવવું જોઈએ કે દિલ્હીમાં તેનો ચહેરો કોણ હશે. એટલું જ નહીં, આમ આદમી પાર્ટી ક્યારેક રમેશ બિધુરીનું નામ લે છે તો ક્યારેક પ્રવેશ વર્માનું નામ પણ લે છે. મુખ્યમંત્રી પદની રેસમાં ફક્ત એક કે બે નહીં પરંતુ પાંચથી છ ભાજપના નેતાઓ છે. આવી સ્થિતિમાં, ભાજપ મુખ્યમંત્રી પદ કોને સોંપે છે તે જોવાનું રહે છે.

જે મુખ્યમંત્રી તરીકે દાવેદાર છે તેમાં ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ દુષ્યંત કુમાર ગૌતમ દિલ્હીની કરોલ બાગ વિધાનસભા બેઠક પરથી ચૂંટણી મેદાનમાં ઉતર્યા છે. તેમને ભાજપનો દલિત ચહેરો માનવામાં આવે છે અને તેમણે પાર્ટીમાં ઘણા મહત્વપૂર્ણ હોદ્દા સંભાળ્યા છે. જો ભાજપ દિલ્હીમાં સરકાર બનાવે છે તો તેમને મુખ્યમંત્રી પદના મજબૂત દાવેદારોમાંના એક માનવામાં આવે છે. તેમને અમિત શાહ અને પીએમ મોદીના નજીકના માનવામાં આવે છે.

દિલ્હી ચૂંટણીમાં ભાજપે નવી દિલ્હી બેઠક પરથી અરવિંદ કેજરીવાલ સામે પરવેશ વર્માને મેદાનમાં ઉતાર્યા હતા. જો પ્રવેશ વર્મા ચૂંટણીમાં કેજરીવાલને હરાવવામાં સફળ થાય છે અને ભાજપ ફરીથી સત્તામાં આવે છે, તો તેમનું નામ પણ મુખ્યમંત્રી પદની રેસમાં હશે. નવી દિલ્હી વિધાનસભા બેઠકને દિલ્હીમાં સત્તાની ધરી કહેવામાં આવે છે, અહીંથી જીતીને શીલા દીક્ષિત અને અરવિંદ કેજરીવાલ મુખ્યમંત્રી બન્યા છે.

ભૂપેન્દ્ર પટેલ કુંભમેળામાં ત્રિવેણી સંગમ ખાતે પવિત્ર સ્નાન માટે ૭મી ફેબ્રુઆરીએ જશે

ગાંધીનગર,તા.૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં યોજાઈ રહેલા કુંભમેળામાં ત્રિવેણી સંગમ ખાતે પવિત્ર સ્નાન માટે શુક્રવાર તારીખ ૭મી ફેબ્રુઆરીએ જશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નિર્ધારિત કાર્યક્રમ અનુસાર, તેઓ આવતીકાલે શુક્રવારે બપોરે ૧૨:૩૦ કલાકે ત્રિવેણી સંગમ ખાતે પવિત્ર સ્નાન કરશે. આ પૂર્વે તેઓ સવારે ૯:૩૦ કલાકે પ્રયાગરાજ પહોંચીને બડે હનુમાનજી મંદિરના દર્શન-પૂજન પણ કરવાના છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પ્રયાગરાજના પ્રવાસ દરમિયાન ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા પ્રયાગરાજમાં ઊભા કરવામાં આવેલા ગુજરાત પેવેલિયનની મુલાકાત કરશે અને સાંજે ગાંધીનગર પરત આવશે.

અમેરિકન નાગરિકોને લોન આપવાના બહાને ઠગાઈ કરતું કોલ સેન્ટર ઝડપાયું

અમદાવાદ, તા.૬

વેજલપુર વિસ્તારમાં આવેલી સીલીકોન વેલીના એક મકાનમાં કેટલાક લોકો ગેરકાયદે કોલ સેન્ટર ચલાવતા હતા. સ્થાનિક પોલીસને આ મામલે બાતમી મળતા રેડ કરી હતી. પોલીસે રેડ કરીને પાંચ આરોપીઓને ઝડપી ૧૦ ફોન અને ત્રણ લેપટોપ કબજે કર્યા હતા. તમામ આરોપીઓ એક બંગલામાંથી કોલ સેન્ટર ચલાવીને અમેરિકન નાગરિકોને લોન આપવાના બહાને ઠગાઈ કરતા હોવાનું ખૂલ્યું છે. આરોપીઓએ ૧૫ દિવસમાં ૩૦૦થી ૪૦૦ ડોલરની કમાણી કરી હોવાનું સામે આવ્યું છે. વેજલપુર પોલીસ સ્ટેશનના પી.આઈ. આર. એમ. ચૌહાણની ટીમને બોગસ કોલ સેન્ટર ચાલતું હોવાની બાતમી મળતા વેજલપુર પોલીસની ટીમે આઝાદ પાર્ક સોસાયટી પાસે સીલીકોન વેલીના એક મકાનમાં રેડ કરી હતી. આ દરમિયાન પોલીસે સહેજાદ શેખના મકાનમાંથી તમામ આરોપીઓને ઝડપી લીધા હતા. બોગસ કોલ સેન્ટર ચલાવનાર સહેજાદ શેખ, કલ્પેશ ગર્ગ (રહે. આશીર્વાદ હોમ્સ, વસ્ત્રાલ), આદીલખાન પઠાણ (રહે. ગોમતીપુર), શાહબાઝ કાયમખાની (રહે. અનીક હોમ્સ, અંબર ટાવર) અને ઝૈદ અંસારી (રહે. પ્રેમ દરવાજા)ની પોલીસે ધરપકડ કરી છે. પોલીસે આરોપીઓની પૂછપરછ કરતા ખૂલ્યું કે અમેરિકન નાગરિકોને લોન આપવા માટે ફોન કરીને આરોપીઓ ઠગાઈ કરતા હતા. આરોપીઓ ટેક્સ નાઉ નામની એપ્લિકેશનથી લોન માટે અમેરિકન નાગરિકોને ફોન કરતા હતા. આરોપીઓ વીપીએન દ્વારા લોકેશન છુપાવીને વર્ચ્યુઅલ નંબર દ્વારા ફોન કરતા હતા. જેના પર અમેરિકાનો નંબર ડિસ્પ્લે કરીને એક અમેરિકન કંપનીના અધિકારીની ખોટી ઓળખ આપીને લોન આપવાની વાત કરતા હતા. જે બાદ અલગ અલગ બેંકોમાં ચેક જમા કરાવીને લોન પ્રોસેસની ફી પેટે યુએસડીટી અને ગિફ્ટ કાર્ડ ખરીદી કરાવતા હતા. જેનું પ્રોસેસિંગ કરાવીને આંગડિયા મારફતે રોકડમાં નાણાં મેળવીને લાખો રૂપિયા કમાતા હોવાનું ખૂલ્યું છે. હાલ પોલીસે આરોપીઓના ફોન અને લેપટોપ કબજે કરી એફએસએલની મદદથી તપાસ શરૂ કરી છે.

અમેરિકાથી ડિપોર્ટ કરાયેલા ભારતીયો મુદ્દે સંસદમાં વિપક્ષો દ્વારા હોબાળો

વિપક્ષે હાથકડી પહેરી નોંધાવ્યો વિરોધ

નવી દિલ્હી, તા.૬

ગેરકાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશેલા ૧૦૪ ભારતીયો પોતાના વતન પરત ફર્યા છે. બુધવારે આ ભારતીયોને લઈને એક અમેરિકન લશ્કરી વિમાન અમૃતસર એરપોર્ટ પહોંચ્યું હતુ. આ મુદ્દો લોકસભામાં વિપક્ષી સાંસદો દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો. વિપક્ષી નેતાઓએ સંસદ પરિસરમાં હાથકડી પહેરીને સરકારી નીતિઓનો વિરોધ કર્યો હતો. કોંગ્રેસના સાંસદ શશિ થરૂરે કહ્યું, "આ જે રીતે કરવામાં આવ્યું તેનો અમે વિરોધ કરી રહ્યા છીએ. તેમને તે લોકોને દેશનિકાલ કરવાનો દરેક કાનૂની અધિકાર છે, પરંતુ તેમને અચાનક લશ્કરી વિમાનમાં હાથકડી પહેરાવીને મોકલવા એ ભારતનું અપમાન છે, તે ભારતીયોના ગૌરવનું અપમાન છે."

સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસે લોકસભામાં કાર્યવાહી સ્થગિત કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. કોંગ્રેસના સાંસદ ગોગોઈએ જણાવ્યું હતું કે દેશનિકાલ પ્રક્રિયા દરમિયાન આ વ્યક્તિઓને હાથકડીથી બાંધવામાં આવ્યા હોવાના અને તેમની સાથે અપમાનજનક વર્તન કરવામાં આવ્યું હોવાના

મહાકુંભ ૨૦૨૫માં પ્રયાગરાજ ખાતે શ્રી સ્વામિનારાયણ ભાષ્યથનું ભવ્ય સ્વાગત

વિવિધ અખાડાઓના આચાર્યો અને મહામંડલેશ્વરોએ આ ગ્રંથને સનાતન ધર્મની સમૃદ્ધ પરંપરામાં એક અમૂલ્ય ઉપહાર ગણાવ્યું

રાજકોટ તા. ૬

ભારતની શાશ્વત સંસ્કૃતિ અને આધ્યાત્મિક પરંપરાઓનો સૌથી મોટો સંગમ, મહાકુંભ, ફક્ત ભક્તો માટે જ નહીં પરંતુ સંતો, મહાપુરુષો અને ધાર્મિક ઋષિઓ માટે પણ એક દિવ્ય પ્રસંગ છે. વર્ષ ૨૦૨૫ ના મહાકુંભમાં, આ શુભ પ્રસંગે, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામીજી મહારાજની પ્રેરણાથી રચાયેલ પરબ્રહ્મ સ્વામિનારાયણ દ્વારા પ્રબોધિત શ્રી અક્ષરપુરુષોત્તમ દર્શન પર આધારિત પશ્રી સ્વામિનારાયણ ભાષ્યથનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ગ્રંથ મહામહોપાધ્યાય સ્વામી ભદ્રેશદાસજીની દિવ્ય કલમમાંથી પ્રસ્ફુટિત થયો છે, જે ભારતીય દર્શન, વેદાંત અને ઉપનિષદોના ગહન રહસ્યોને સમજાવતો એક મહાન ગ્રંથ છે.

મહાકુંભના આ મહાસંગમમાં, ભારતના સુપ્રસિદ્ધ સન્યસ્ત આશ્રમો, પીઠો અને અખાડાઓના પૂજ્ય સંતોએ પશ્રી સ્વામિનારાયણ ભાષ્યથના અદ્વિતીય યોગદાનને સહર્ષ સ્વીકાર્યું અને તેને વેદાંત પરંપરાની શ્રેષ્ઠ કૃતિ તરીકે પ્રશંસા કરી. આ પ્રસંગે, વિવિધ અખાડાઓના અગ્રણી આચાર્યો અને મહામંડલેશ્વરોએ આ ગ્રંથને સનાતન ધર્મની સમૃદ્ધ પરંપરામાં એક અમૂલ્ય ઉપહાર ગણાવ્યું.

મહાકુંભની આ દિવ્ય ક્ષણમાં, જુના પીઠાધીશ્વર આચાર્ય મહામંડલેશ્વર સ્વામીશ્રી અવધેશાનંદ ગિરિજી મહારાજે પશ્રી સ્વામિનારાયણ ભાષ્યથ ને મંગલ આશીર્વાદ આપ્યા અને ભાષ્યકાર મહામહોપાધ્યાય સ્વામી ભદ્રેશદાસજીને હૃદયપૂર્વક અભિનંદન આપ્યા. આ ઉપરાંત, નિર્વાણ પીઠાધીશ્વર સ્વામી વિશોકાનંદજી મહારાજ, નિરંજન પીઠાધીશ્વર આચાર્ય મહામંડલેશ્વર સ્વામી કૈલાશાનંદજી મહારાજ, આનંદ પીઠાધીશ્વર આચાર્ય મહામંડલેશ્વર સ્વામી બાલકાનંદજી મહારાજ અને પરમાર્થ સાધક સેવા સંઘના આચાર્ય મહામંડલેશ્વર સ્વામી પ્રણવ ચૈતન્યપુરીજી મહારાજે પણ આ ગ્રંથની પ્રશંસા કરી અને તેને સંત સમુદાય અને સાધકો માટે મૂલ્યવાન માર્ગદર્શક ગણાવ્યું. પરમ શ્રદ્ધેય સ્વામી ગોવિંદદેવ ગિરિજી મહારાજે પણ આશીર્વાદ આપ્યા. સમકાલીન સમયમાં પૂજ્ય મહંત સ્વામીજી મહારાજ દ્વારા પ્રવર્તિત આ સિદ્ધાંત કેવળ સ્વામિનારાયણ સંપ્રદાય પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે સમગ્ર સનાતન ધર્મના સાધકો માટે ઉપયોગી છે. આ ગ્રંથ ભારતીય દર્શનની અદ્યતન ઉન્નત પરંપરાઓને વૈજ્ઞાનિક અને તર્કસંગત દ્રષ્ટિકોણથી રજૂ કરે છે, જે પ્રત્યેક જિજ્ઞાસુઓ માટે લાભદાયક સાબિત થશે.

મહાકુંભ ૨૦૨૫ માં પશ્રી સ્વામિનારાયણ ભાષ્યથનું સ્વાગત એક ઐતિહાસિક ઘટના છે, જેણે ભારતીય સંત પરંપરામાં એક નવું પરિમાણ ઉમેર્યું. આ પ્રસંગે ભારતના આધ્યાત્મિક વારસામાં એક સુવર્ણ પ્રકરણ ઉમેરાયું, જ્યાં શાસ્ત્રો, સંતો અને સનાતન સંસ્કૃતિનો ભવ્ય સંગમ હતો, અને જ્ઞાનના આ કિરણને સમગ્ર સંત સમુદાય દ્વારા આશીર્વાદ આપવામાં આવ્યા હતા.

ખેલ મહાકુંભ અન્વયે જિલ્લાકક્ષાની એથ્લેટીકસ બહેનોની સ્પર્ધા યોજાઈ

રાજકોટ તા. ૦૬

ગુજરાત રાજ્યના યુવાનો રમતગમત ક્ષેત્રે અગ્રેસર રહે તે માટે રાજ્ય સરકારના સ્પોર્ટ્સ ઓથોરીટી અને જિલ્લા રમતગમત કચેરી દ્વારા ખેલ મહાકુંભ ૩.૦નું આયોજન કરવામાં આવ્યું છે.જે અન્વયે જિલ્લા કક્ષાની એથ્લેટિકસ બહેનોની સ્પર્ધા એથ્લેટિક ટ્રેક રેસકોર્સ ખાતે યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં અંડર-૯, અંડર-૧૧, અંડર-૧૪, અંડર-૧૭ અને ઓપન એજ કેટેગરીની ૪૦૦

જેટલી બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બહેનોએ રનીંગ, જમ્પિંગ સહિતની ઇવેન્ટ્સમાં પોતાનું કૌશલ્ય દેખાડ્યું હતું.

રાજકોટઃ સફેદ એલ.ઈ.ડી. લગાવેલા વાહનો વિરુદ્ધ ડ્રાઈવ

ટ્રાફિક પોલીસ ૫૧ વાહનચાલકો દંડાયા

રાજકોટ તા. ૦૬

વાહનોમાં અનઅધિકૃત રીતે સફેદ એલ.ઈ.ડી. બલ્બ લાઇટ લગાવવાના કારણે રાત્રિ દરમિયાન સામસામે આવતા વાહનોના ડ્રાઇવરો અંજાઇ જતા જીવલેણ માર્ગ અકસ્માત બનતા હોય છે. જેથી, શહેરી વિસ્તારમાં અને નેશનલ હાઇ-વે/સ્ટેટ હાઇ-વે પર આવા પ્રકારના બનતાં જીવલેણ માર્ગ અકસ્માતમા ઘટાડો લાવવા માટે પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશકુમાર ઝા તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી મહેન્દ્ર બગડીયાના માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફિક પૂજા યાદવ અને મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફિક શાખા જે.બી.ગઢવી અને ટ્રાફિક શાખાના અધિકારી/કર્મચારીઓ દ્વારા વાહનોમાં અનઅધિકૃત અથવા વધારાની લગાવેલી અતિ તિવ્રતાવાળી હેડ લાઇટ વાળા વાહન ચાલકો વિરુધ્ધ શહેરી વિસ્તાર અને નેશનલ હાઇ-વે/સ્ટેટ હાઇ-વે પર આર.ટી.ઓ. વિભાગ સાથે સંયુક્ત ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ-૫૧ વાહન ચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. આગામી દિવસોમાં પણ આ ડ્રાઇવ ચાલુ રાખવામા આવશે તેમ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફિક પૂજા યાદવની યાદીમાં જણાવાયું છે.

વિઠ્ઠલગઢ ગામે ભૂમાફિયાનો આતક સરકારી જમીન પર દબાણ કરવાની અરજી અંગે મન દુઃખ રાખી એક શખ્સ પર હુમલો

મહેશ રાવલ સુરેન્દ્રનગર :સુરેન્દ્રનગર લખતર તાલુકના વિઠ્ઠલગઢ ગામના બસ સ્ટેન્ડ પાસે એક શખ્સ દ્વારા સરકારી જમીન પર દબાણ અંગેની અરજી કરવાનું મનદુઃખ રાખી ગામમાં જ રહેતા વ્યક્તિ દ્વારા બોલાચાલી કરી ધોકાવડે મારમારી ઈજાઓ પહોંચાડયાની ફરિયાદ ભોગ બનનારે લખતર પોલીસ મથકે નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

લખતરના વિઠ્ઠલગઢ ગામે રહેતા ફરિયાદી આનંદનભાઈ મેરાભાઈ ઉપદળાએ ગામમાં રહેતા ઈશ્વરભાઈ ઠુલેટીયા દ્વારા સરકારી જમીન પર કરેલા દબાણ અંગે નામજોગ અરજી કરી હતી. આનંદભાઇ વિઠ્ઠલગઢ ગામના બસ સ્ટેન્ડ પાસે હાજર હતા તે દરમિયાન પોતાના વિરૂદ્ધ અરજી કર્યાનું મનદુઃખ રાખી ઈશ્વરભાઈએ આનંદભાઇ સાથે બોલાચાલી કરી હતી અને પાવડાના હાથા જેવા ધોકા વડે મારમારી ઈજાઓ પહોંચાડી હતી. જે અંગે ભોગ બનનાર ફરિયાદીએ લખતર પોલીસ મથકે ઈશ્વરભાઈ અરજણભાઈ ઠુલેટીયા સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

કચ્છના મેવાસા નજીક વાહનની હડફેટે મામા-ભાણેજનું મોત

રાજસ્થાનથી બોલેરો પીકઅપમાં સામાન ભરી આવતા અકસ્માત નડતા પરિવારમાં શોક

રાજકોટ :કચ્છના મેવાસા નજીક એક ગંભીર અકસ્માતનો બનાવ સામે આવ્યો છે. જેમાં બોલેરો પીકઅપ અજાણ્યા વાહન સાથે અથડાતા મામાંનું ઘટનાસ્થળે જ જ્યારે ભાણેજનું સારવાર દરમિયાન મોત નીપજતા રાજસ્થાની પરિવારમાં અરેરાટી મચી જવા પામી છે. સમગ્ર અકસ્માતની પ્રાપ્ત વિગત અનુસાર રાજસ્થાનના બિયાવર ગામના વતની નોરતસિંહ ઓમસિંહ(ઉ.વ.૪૬) અને ચંદ્રસિંહ રજુસિંહ રાવત(ઉ.વ.૨૦) પીકઅપ વાહનમાં સામાન ભરી રાજસ્થાનથી આવી રહ્યા હતા. દરમિયાન અંદાજિત સાત વાગ્યાં આસપાસ પીકઅપને અજાણ્યા વાહને હડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બનાવમાં નોરતસિંહ ઓમસિહનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે ચંદ્રસિંહ રાજુસિંહ રાવતને સારવાર અર્થે રાજકોટ ખસેડવામાં આવ્યો હતો.

રાજકોટ સરકારી હોસ્પિટલમાં ટૂંકી સારવાર બાદ જ ચંદ્રસિંહ રાજુભાઈસિંહ રાવત નામના ૨૦ વર્ષીય આશાસ્પદ યુવકનું પણ મોત નીપજ્યું હતું. મૃતકો મામાં-ભાણેજ હતા અને રાજસ્થાની હતા તેવું જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર નોરતસિંહ ઓમસિંહ બે ભાઈઓમાં મોટા હતા જ્યારે ચંદ્રસિંહ ચાર ભાઈ અને બે બહેનમાં ત્રીજા નંબરના હતા. મામા-ભાણેજના મોતથી પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી.

રાજકોટ ચેમ્બર દ્વારા બજેટ અંતર્ગત કરવેરા સલાહકાર મુકેશ પટેલનુ વકતવ્ય

રાજકોટ, તા.૬

રાજકોટ ચેમ્બર ૭૦ વર્ષ જુની વરિષ્ઠ મહાજન સંસ્થા છે ત્યારે વર્ષોની પ્રણાલી મુજબ કેન્દ્રીય બજેટ રજુ થયા બાદ તુરંત જ બજેટથી વેપાર-ઉદ્યોગકારો અને આમ પ્રજાને કેટલા ફાયદાઓ અને તેની કેવી અસર રહેશે તે માટે કરવેરા સલાહકાર મુકેશ પટેલના વકતવ્ય કાર્યક્રમનુ આયોજન કરવામાં આવે છે. તેમજ આ બજેટ સંદર્ભે વેપાર-ઉદ્યોગકારોને મુંઝવતા કોઈપણ પ્રશ્નો હશે તો તેનુ યોગ્ય નિરાકરણ લાવીશુ. તેમજ આ વકતવ્ય કાર્યક્રમમાં હાજરી આપવા બદલ મુકેશ પટેલ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરેલ.

ત્યાર બાદ કરવેરા સલાહકાર મુકેશ પટેલ દ્વારા પોતાની આગવી શૈલીમાં મુદાસર બજેટનુ વિશ્લેષણ જણાવેલ કે છેલ્લા ૪૯ વર્ષથી બજેટનુ એનાલીસીસ કરતો આવ્યો છું. પરંતુ આ વખતનુ બજેટ ખુબજ સારૂ કરી શકાય અને તેમજ આશરે એક લાખ કરોડ જેટલી રાહત આપવામાં આવી છે. આ વખતના બજેટથી મધ્યમવર્ગને ખુબજ ફાયદો થશે. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન અને શ્રોતાગણોનો આભાર વ્યકત રાજકોટ ચેમ્બરના માનદમંત્રી નૌતમ બારસીયાએ કરેલ. તેમ રાજકોટ ચેમ્બરના પ્રમુખ વી.પી.વૈષ્ણવની યાદીમાં જણાવેલ છે.

ધ્રાંગધ્રાઃ પોલીસને અમારી બાતમી કેમ આપી કહી બે યુવકપર છરીવડે હુમલો

મહેશ રાવલ સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર ધ્રાંગધ્રા શહેરના પાંજરાપોળ વિસ્તારમાં એક શખ્સ પર પોલીસ વિરૂધ્ધ માહિતી આપતો હોવાનું મનદુઃખ રાખી ઢીકા-પાટુનો તેમજ છરી વડે મારમારી જાનથી મારી નાંખવાની ધમકી અંગે ફરિયાદ નોંધાવતા ધ્રાંગધ્રા સીટી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ધ્રાંગધ્રા શહેરી વિસ્તારમાં રહેતા ફરિયાદી યાસીનભાઈ રહેમાનભાઈ મોવર અને તેમના ફૈબાનો દિકરો અમરૂદીન મહેબુબભાઈ કટીયા (રહે.બંને નાની બજાર, પાંજરાપોળ સામે) ખરીદી કરી રહ્યાં હતાં. ત્યારે હાજીભાઈ અને મોહસીનભાઈએ આવી પોલીસને તેમના વિરૂધ્ધ કેમ માહિતી આપો છો તેમ જણાવી બોલાચાલી કરી હતી. અને પેન્ટમાં છરી કાઢી ફરિયાદી તેમજ સાહેદ અમરૂદીન પર છરીના ઘા ઝિંકી ઈજાઓ પહોંચાડી હતી તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી જે અંગે ભોગ બનનાર ફરિયાદીએ બે શખ્સો હાજીભાઈ સલીમભાઈ સંધી, મોહસીનભાઈ ઉર્ફે ઘનો સલીમભાઈ સંધી બન્ને રહે.ધ્રાંગધ્રાવાળા સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથધધરી છે.

ISO 9001:2015 CERTIFIED

ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ

Stock Market Trading Consultancy

www.nikhilbhatt.in

નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

નિફટી ફ્યુચર ૨૩૩૦૩ પોઈન્ટ ઉપર તેજી યથાવત રહેશે..!!

રોકાણકાર મિત્રો, આનંદ ને...!! તા.૦૬.૦૨.૨૦૨૫ ના રોજ...

બીએસઇ સેન્સેક્સ - ઇન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે બીએસઇ સેન્સેક્સ આગલા બંધ ૭૮૨૭૧ સામે ૭૮૫૧૩ પોઈન્ટના મથાળેથી ખુલીને નફારૂપી વેચવાલી દ્વારા ૭૭૮૪૩ પોઈન્ટના નીચા મથાળે જોવા મળેલ. સેન્સેક્સ આધારિત શેરોમાં તબક્કાવાર વેચવાલીનો માહોલ જોવા મળ્યો...દિવસ દરમ્યાન સરેરાશ ૭૦૮ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી ભારતીય શેરબજારનો સેન્સેક્સ ૨૧૩ પોઈન્ટના ઘટાડા સાથે ૭૮૦૫૮ પોઈન્ટ બંધ થયેલ..!!!

નિફટી ફ્યુચર - ઇન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે નિફટી ફ્યુચર આગલા બંધ ૨૩૭૭૨ સામે ૨૩૮૨૨ પોઈન્ટના મથાળેથી ખુલીને સ્ટોક સ્પેશીફીક ઘટાડો નોંધાવી ૨૩૬૬૦ પોઈન્ટના નીચા મથાળા સુધી જોવા મળેલ. નિફટી ફ્યુચર આધારિત શેરોમાં તબક્કાવાર વેચવાલીનો માહોલ જોવા મળ્યો...સરેરાશ ૧૭૫ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી નિફટી ફ્યુચર ૮૩ પોઈન્ટના ઘટાડા સાથે ૨૩૬૮૮ પોઈન્ટ બંધ થયેલ..!!!

સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીએ તો...

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફ યુદ્ધમાં ગીવ એન્ડ ટેકનો વ્યુહ અખત્યાર કરીને મેક્સિકો, કેનેડા પર ટેરિફ એક મહિના મોકૂફ રાખ્યા સામે ચાઈના પરની ભીંસ ચાલુ રાખતાં ચાઈનાએ પણ અમેરિકા પર ટેરિફ લાગુ કરીને યુ.એસ. વિરૂધ્ધ ચાઈના વૈશ્વિક યુદ્ધના મંડાણ થવાના સ્પષ્ટ સકેત વચ્ચે એડવાન્ટેજ ભારત બની રહેવાના પોઝિટીવ પરિબળે સમાહના આરંભમાં મજબૂતી બાદ આજે સતત બીજા દિવસે તેજીને વિરામ આપવામાં આવ્યો હતો. ચાઈનાને ચેકમેટ કરવા અમેરિકા હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત દરમિયાન મોટી બિઝનેસ ડિલ કરે એવી જોવાતી શકયતા સામે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ધિરાણ નીતિ સમીક્ષાને લઈ ૭, ફેબ્રુઆરીના ૦.૨૫% વ્યાજ દર ઘટાડો અપેક્ષિત હોઈ ત્યારે દરેક ઉછાળે સાવચેતી નોંધાતા ભારતીય શેરબજાર ઘટાડા સાથે બંધ રહ્યું હતું.

કરન્સી માર્કેટની વાત કરીએ તો, અમેરિકામાં ટ્રમ્પના આગમન પછી ટ્રેડવોર સહિતની વિવિધ અનિશ્ચિતતાઓ સર્જાતાં ડૉલર સામે રૂપિયો વધુ તૂટી ઓલટાઇમ નીચી સપાટીએ પહોંચ્યો હતો, જ્યારે ફ્રૂડઓઈલના ભાવમાં બેતરફી વધઘટ જોવા મળી હતી. બીએસઇ પર મીડકેપ ઈન્ડેક્સ ૦.૮૭% અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૦૧% ઘટીને બંધ રહ્યા હતા. વિવિધ સેક્ટરલ ઈન્ડાયસીસની વાત કરીએ તો બીએસઈ પર ફોકસ્ડ આઈટી, આઈટી, હેલ્થકેર, સર્વિસ અને બેંકેક્સ શેરોમાં લેવાલી જોવા મળી હતી, જ્યારે અન્ય બીજા તમામ સેક્ટરલ ઈન્ડાયસીસ ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

બીએસઈમાં કુલ ટ્રેડીંગ થયેલી ૪૦૬૩ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૨૦૩૦ અને વધનારની સંખ્યા ૧૯૦૮ રહી હતી, ૧૨૫ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો. જ્યારે ૨ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૧૧ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

એસએન્ડપી બીએસઈ સેન્સેક્સમાં અદાણી પોર્ટ ૧.૭૨%, ઇન્ફોસિસ લી. ૦.૯૪%, એકસિસ બેન્ક ૦.૭૧%, એચસીએલ ટેકનોલોજી ૦.૬૦%, ટેક મહિન્દ્ર ૦.૫૮%, ઇન્ડસઇન્ડ બેન્ક ૦.૪૫%, એચડીએફસી બેન્ક ૦.૪૧%, આઈસીઆઈસીઆઈબેન્ક ૦.૩૭%, કોટક બેન્ક ૦.૩૦% અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ૦.૨૭% વધ્યા હતા, જ્યારે ભારતી એરટેલ ૨.૪૭%, ટાઈટન કંપની ૨.૨૮%, એનટીપીસી લી. ૨.૧૩%, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા ૧.૭૯%, આઈટીસી લી. ૧.૫૩%, ટાટા સ્ટીલ ૧.૩૮%, પાવર ગ્રીડ કોર્પોરેશન ૧.૩૭%, મહિન્દ્રા મહિન્દ્રા ૧.૨૦%, ટાટા મોટર્સ ૧.૦૭% અને ઝોમેટો લિ. ૦.૯૫% ઘટ્યા હતા.

બજારની ભાવિ દિશા.... મિત્રો, બજેટમાં રાજકોષીય શિસ્ત જાળવીને વપરાશ વધારવાના પગલાંની જાહેરાત કર્યા બાદ હવે અર્થતંત્રને વેગ આપવા માટે પગલાં લેવાનો કેન્દ્રીય બેંકનો વારો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની ૬ સભ્યોની મોનેટરી પોલિસી કમિટી ૭ ફેબ્રુઆરીએ લગભગ ૫ વર્ષમાં પ્રથમ વખત રેપો રેટમાં ઘટાડો કરી શકે છે. આગામી નાણાકીય નીતિ સમિતિની બેઠકમાં રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટ્સનો ઘટાડો થઈ શકે છે. મોનેટરી પોલિસી કમિટીએ મે ૨૦૨૨ અને ફેબ્રુઆરી ૨૦૨૩ વચ્ચે રેપો રેટમાં ૨૫૦ બેસિસ પોઈન્ટનો વધારો કર્યા પછી, સતત ૧૧ મીટિંગમાં તેમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો ન હતો. કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન મે ૨૦૨૦માં રેપો રેટમાં છેલ્લે ઘટાડો કરવામાં આવ્યો હતો.

બજેટમાં વિકાસ દરમાં નરમાઈ, ફુગાવામાં ઘટાડાની અપેક્ષા અને રાજકોષીય કાર્યક્ષમતાને કારણે દરમાં ઘટાડો થવાની શક્યતા છે. ચાલુ નાણાકીય વર્ષના જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી)નો વૃદ્ધિ દર ઘટીને ૫.૪% થયો હતો, જે સાત ક્વાર્ટરમાં સૌથી નીચો છે. નાણાકીય વર્ષ ૨૦૨૬માં છૂટક ફુગાવો સરેરાશ ૪% રહી શકે છે. જાન્યુઆરીમાં છૂટક ફુગાવો ૪.૫%થી નીચે રહી શકે છે. સામાન્ય બજેટમાં કરવામાં આવેલી જાહેરાતોની તિજોરી પર વધુ અસર નહીં થાય, જે હકારાત્મક છે. ડિસેમ્બર માસમાં, આરબીઆઈએ ચાલુ નાણાકીય વર્ષ માટે જીડીપી વૃદ્ધિનો અંદાજ અગાઉના ૭.૨%થી ઘટાડીને ૬.૬% કર્યો હતો, જ્યારે ફુગાવાનો અંદાજ ૪.૫%થી વધારીને ૪.૮% કર્યો હતો.

તા.૦૭.૦૨.૨૦૨૫ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

- તા.૦૬.૦૨.૨૦૨૫ ના રોજ નિફટી ફ્યુચર બંધ ભાવ ૨૩૬૮૮ પોઈન્ટ - આગામી સંભવિત નિફટી ફ્યુચર ૨૩૫૭૦ પોઈન્ટના પ્રથમ અને ૨૩૪૭૪ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૩૭૩૭ પોઈન્ટ થી ૨૩૮૦૮ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફટી ફ્યુચરમાં ૨૩૩૦૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!
- તા.૦૬.૦૨.૨૦૨૫ ના રોજ બેન્ક નિફટી ફ્યુચર બંધ ભાવ ૫૦૬૦૮ પોઈન્ટ - આગામી સંભવિત બેન્ક નિફટી ફ્યુચર ૫૦૩૦૩ પોઈન્ટ પ્રથમ અને ૫૦૧૮૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૫૦૭૩૭ પોઈન્ટ થી ૫૦૮૦૮ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. બેન્ક નિફટી ફ્યુચરમાં ૫૧૦૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

- ઈન્ફોસિસ લિ. (૧૯૨૩) - ઈન્ફોસિસ ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૮૮૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૮૬૦ ના સ્ટોપલોસથી આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૯૪૪ થી રૂ.૧૯૫૩ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે...!! રૂ.૧૯૬૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!
- એચડીએફસી બેન્ક (૧૭૪૮) - ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૭૨૭ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ!! રૂ.૧૭૦૭ ના સપોર્ટથી આ સ્ટોક રૂ.૧૭૬૪ થી રૂ.૧૭૭૦ ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!
- એચસીએલ ટેકનોલોજી (૧૭૨૮) - રૂ.૧૬૮૮ નો પ્રથમ તેમજ રૂ.૧૬૭૩ બીજા સપોર્ટથી કમ્પ્યુટર્સ - સોફ્ટવેર એન્ડ કન્સલ્ટિંગ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૭૪૮ થી રૂ.૧૭૬૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે...!!
- ટેક મહિન્દ્ર (૧૬૭૫) - કમ્પ્યુટર્સ - સોફ્ટવેર એન્ડ કન્સલ્ટિંગ સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૧૬૯૩ થી રૂ.૧૭૦૩ ના ભાવની સંભાવના ધરાવે છે!! અંદાજીત રૂ.૧૬૪૪ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!!
- ટાટા કોમ્યુનિકેશન્સ (૧૫૯૪) - રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૧૫૩૦ સ્ટોપલોસ આસપાસ ટેલિકોમ - સેલ્યુલર એન્ડ ફિક્સ્ડ લાઇન સર્વિસ સેક્ટરનો આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૧૬૦૮ થી રૂ.૧૬૨૦ આસપાસ ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!!!
- ગોદરેજ પ્રોપર્ટીઝ (૨૨૫૯) - ટેકનીકલ ચાર્ટ મુજબ રેસિડેન્શિયલ, કોમર્શિયલ પ્રોજેક્ટ્સ સેક્ટરનો આ સ્ટોક રૂ.૨૨૯૩ આસપાસ વેચવાલી થકી રૂ.૨૨૨૩ થી રૂ.૨૨૦૮ ના નીચા મથાળે ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૨૩૦૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો..!!
- ઓબેરોય રિયલ્ટી (૧૭૯૬) - રૂ.૧૮૨૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૮૩૮ ના સ્ટોપલોસે તબક્કાવાર રૂ.૧૭૭૩ થી રૂ.૧૭૬૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૮૫૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!
- કોટક મહિન્દ્ર બેન્ક (૧૯૨૪) - પ્રાઈવેટ બેન્ક સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૯૬૦ ના સ્ટોપલોસથી પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૧૮૯૮ થી રૂ.૧૮૮૦ ના ભાવની આસપાસ સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!!
- ગ્લેનમાર્ક ફાર્મા (૧૫૦૩) - ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૫૩૪ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૪૮૮ થી રૂ.૧૪૭૦ ના ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૫૪૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!!
- આઈસીઆઈસીઆઈ બેન્ક (૧૨૭૮) - રૂ.૧૩૦૮ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૩૧૮ ના સ્ટોપલોસે આ સ્ટોક રૂ.૧૨૬૦ થી રૂ.૧૨૩૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૩૨૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!

લેખક સેબી રજીસ્ટર્ડ રીસર્ચ એનાલીસ્ટ અને ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ ના પ્રોપરાઇટર છે

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!

એમસીએક્સ પર સોના-ચાંદીમાં સામસામા રાહઃ સોનાનો વાયદો રૂ.૧૪૧ તેજ, ચાંદીનો વાયદો રૂ.૭૨૫ નરમ

કોટન-ખાંડી વાયદામાં રૂ.૪૦૦ની નરમાઈઃ મેન્થા તેલ, નેચરલ ગેસમાં સુધારોઃ ફ્રૂડ તેલમાં રૂ.૫૦ની વૃદ્ધિઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૧૯૨૪.૯૬ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૫૫૨૧૮.૨૬ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૮૬૩૦.૨૮ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૦૨૨૦ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૬૭૧૪૪.૫૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૧૯૨૪.૯૬ કરોડનાં કામકાજ થયાં હતાં, જ્યારે કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૫૫૨૧૮.૨૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૨૦૨૨૦ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિ

ભુજ-ભચાઉ હાઈવે પર વહેલી સવારે અકસ્માતમાં એકનું મોત

ભુજ,તા.૬

કચ્છમાં ભુજ-ભચાઉ હાઈવે પર વહેલી સવારે થયેલા અકસ્માતમાં એકનું મોત થયું છે. ધાણેટી પાસે કાર અને ટ્રેલર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. કારમાં સવાર અમદાવાદના વ્યક્તિનું ઘટનાસ્થળે મોત થયું હતું. મનીષ નામની વ્યક્તિનું ઘટનાસ્થળે મોત થયું હતું. જ્યારે અન્યત્ર ઈજાગ્રસ્તને સિવિલ ખસેડવામાં આવ્યા હતા.

અકસ્માતના પગલે તરત જ ધાણેટી પોલીસ દોડી આવી હતી. તેણે મૃતકને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ મોકલી આપ્યો છે. આ પહેલા અકસ્માત સર્જાતા સ્થાનિકો તરત દોડી આવ્યા હતા અને તેમણે અકસ્માતનો ભોગ બનેલાઓને વાહનમાંથી બહાર કાઢવામાં મદદ કરી હતી. તેઓએ ૧૦૮ને બોલાવી હતી અને ૧૦૮એ ત્યાં કેટલાયને તાત્કાલિક પ્રાથમિક સારવાર આપી સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. પોલીસે અકસ્માત ગુનો નોંધીને આ કેસમાં આગળ કાર્યવાહી શરૂ કરી છે.

પોલીસે આ ઉપરાંત ડ્રિંક એન્ડ ડ્રાઈવ હતું કે નહી તેની ચકાસણી પણ શરૂ કરી દીધી છે. આ માટે ટ્રેલર ચાલકનો ટેસ્ટ કરાશે અને કારમાં બેઠેલાઓનો પણ ટેસ્ટ કરવામાં આવશે. તેના આધારે પછી બીજી કલમો લગાવીને આગળની કાર્યવાહી કરવામાં આવશે. હાલમાં તો ટ્રેલર ચાલકને પોલીસે અટકાયતમાં લીધો છે.

આ પહેલા ગયા મહિને કચ્છમાં લોરિયા-વેંકરિયાના રણ વચ્ચે વડોદરાની હ્યુન્ડાઈ આઈ ૧૦ કાર બેકાબૂ બની જઈને પલ્ટી ખાઈ જતાં તેમા સવાર એક બાળકીનું ઘટનાસ્થળે જ મૃત્યુ નીપજ્યુ હતુ. જ્યારે બીજા પાંચ મુસાફરોને સામાન્યથી ગંભીર ઈજા થઈ હતી. તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે ભુજની જી.કે. જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.આ પહેલા ઉત્તરાયણની મોડી સાંજે બીજો અકસ્માત ખાવડા માર્ગ પરના ગોરેવાલી નજીક સર્જાયો હતો. તેમા શ્વેત રણની મુલાકાત લઈ પરત ફરી રહેલી એક કારે મોટરસાઈકલ સવારને હડફેટે લીધોહતો. તેની ટક્કર પછી બેકાબૂ બનેલી કાર ખાડામાં ખાબકી હતી અને વાહનચાલકને ગંભીર ઈજા થતાં તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

જેતપુરઃ મકાનમાંથી જુગારધામ ઝડપાયું

રોકડ, મોબાઈલ અને બાઈક મળી રૂ.૩૭ હજારનો મુદ્દામાલ કબજે, ચાર પત્તા પ્રેમીની ધરપકડ

રાજકોટ તા.૬

જેતપુરમાં અભિષેક પાર્કમાં મકાનમાં ચાલતા જુગાર ધામપર પોલીસે ધરોડ પાડી , જુગાર રમતા ચાર શખ્સોને રોકડ, ચાર મોબાઇલ અને બાઈક મળી રૂ.૩૭

હજારના મુદ્દામાલ સાથે ઝડપી લીધા છે.બનાવની પ્રાપ્ત વિગત મુજબ જેતપુરમાં અભિષેક પાર્ક, રહેતો મુકેશ પંડિતભાઈ દવેરા નામનો શખ્સ તેના મકાનમાં જુગાર નો અખાડો ચલાવી રહ્યો હોવાની બાતમી જેતપુર સીટી પોલીસને મળી હતી. પોલીસે અભિષેક પાર્કમાં મકાનમાં જુગારનો દરોડો પાડી જુગાર રમતો મુકેશ પંડિતભાઈ દેવરે, સંતોષ દયારામભાઈપાટીલ, ધીરજ કૈલાશભાઈ પાટીલ અને યુવરાજ દગડુભાઈ પાટીલ નામના પતા પ્રેમીઓને ઝડપી, જુગના પટમાંથી ૧૦.૮૯૦ ની રોકડ, ચાર મોબાઈલ અને બાઈક મળી રૂ. ૩૭.૮૯૦નો મુદ્દામાલ પી.આઈ એ ડી પરમારના માર્ગદર્શન હેઠળ એએસઆઈ ભાવેશભાઈ ચાવડા, કોન્સ્ટેબલ સાગરભાઇ ઝાપડિયા અને શક્તિસિંહ ઝાલા સહિતનાસ્ટાફે કબ્જે કર્યો છે.

જામનગરઃ પોલીસ કર્મચારી મધ્ય પ્રદેશમાં પોલીસ જાપ્તામાંથી લાપતા બની ગયા બાદ હેમ ખેમ મળી આવતાં પોલીસ તંત્રએ હાશકારો અનુભવ્યો

(નયના દવે દ્વારા)

જામનગર તા ૬

જામનગરની જિલ્લા જેલમાંથી આરોપીને ઉત્તરપ્રદેશમાં લઈ ને ગયેલી પોલીસ ટુકડી ચૈકીના એક પોલીસ કર્મચારી એકાએક લાપતા બની જતાં પોલીસ પરિવારમાં ચિંતા પ્રસરી હતી, અને મધ્યપ્રદેશ ના રેવા ગામમાં આ અંગે ગુમ નોંધ પણ કરાવાઈ હતી. દરમિયાન ગુમ થયેલા પોલીસ કર્મચારીનો પતો સાંપડ્યો હતો, અને એલસીબી ની ટુકડી મધ્ય પ્રદેશ જઈને તેને પરત જામનગર લાવી રહી છે, જેથી સમગ્ર પોલીસ તંત્ર એ હાશકારો અનુભવ્યો છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરની જેલમાં રહેલા મૂળ ઉત્તર પ્રદેશના વતની એવા એક આરોપીને ઉત્તર પ્રદેશ મુકવા માટે જામનગરના એક પીએસઆઇ ની આગેવાની હેઠળ પાંચ કર્મચારીઓની એક પોલીસ ટીમ ઉત્તર પ્રદેશ ગઈ હતી, અને ત્યાંથી ટીમ પરત ફરી રહી હતી.

જે દરમિયાન મધ્યપ્રદેશના રેવા ગામ પાસે આવેલા પેટ્રોલ પંપ પાસે વાહન ઉભું રાખીને પોલીસ ટુકડી આરામ કરી રહી હતી, દરમિયાન જામનગરના પોલીસ હેડ ક્વાર્ટર માં રહેતા કિશોરસિંહ કે. ગોહિલ નામના પોલીસ ડ્રાઇવર કર્મચારી એકાએક લાપત્તા બની ગયા હતા.

આ પોલીસ જાપતામાં સીટી એ. ડિવિઝનના એક પીએસઆઇ સહિતના પાંચ પોલીસ કર્મચારીઓની ટીમ હતી. અને ગુમ થયેલા પોલીસ કર્મચારી કિશોરસિંહ ગોહિલની અનેક સ્થળે શોધખોળ કરી હતી, પરંતુ તેનો પતો સાંપડ્યો ન હતો. ઉપરાંત તેનું પાકીટ પોલીસ ના વાહનમાં રહી ગયું હતું, પરંતુ પોતાનો મોબાઇલ ફોન સાથે લઈ ગયા હતા, અને તે મોબાઈલ પણ સ્વીચ ઓફ થયો હતો. જેથી સ્થાનિક પોલીસ મથકે આ અંગેની ગુમનોંધ પણ કરાવી હતી.

જે બનાવ અંગે જામનગરના પોલીસ અધિકારીઓને જાણ કરાઈ હતી. જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુ ના માર્ગદર્શન હેઠળ જામનગર ની એલસીબી ની એક ટુકડી મધ્યપ્રદેશ રવાના થઈ હતી, દરમિયાન ગુમ થયેલા પોલીસ કર્મચારી કિશોરસિંહ ગોહિલ નો પતો સાંપડ્યો હતો, અને તેનેહેમ ખેમ જામનગર પરત લાવવા માટેની ટુકડી જામનગર તરફ રવાના થઈ છે. આથી જામનગરના પોલીસ બેડામાં હાશકારો અનુભવાયો છે, તેમજ ગુમ થનાર ના પરિવારે પણ રાહતનો શ્વાસ લીધો છે. જે ટિમ જામનગર આવી ગયા બાદ કિશોરસિંહ ગોહિલ ના ગુમ થવા અંગેની સંપૂર્ણ હકીકતો જાણવા મળી શકશે.

રાજકોટઃ સમલૈંગિક યુવકને હનીટ્રેપમાં ફસાવી રૂ.૧ લાખ પડાવી લીધા

હોટેલમાં બોલાવી નગ્ન વિડીયો ઉતારી લીધો મોબાઈલ સ્કેનર મારફત નાણાં પડાવી અને ક્રેડિટકાર્ડથી મોબાઈલ લીધો, જામનગરના શખ્સને દબોચી લેવાયો

રાજકોટ તા.૬

રાજકોટ શહેરમાં વધુ એક હનીટ્રેપની ઘટના સામે આવી છે પરંતુ આ ઘટનામાં સમલૈંગિક યુવકને નિશાન બનાવવામાં આવ્યો છે. યુવકને હોટેલમાં બોલાવી કપડાં કઢાવી નગ્ન વિડીયો ઉતારી લઇ વાયરલ કરી દેવાની ધમકી આપી રૂ. ૧ લાખ પડાવી લેવાના મામલામાં તાલુકા પોલીસમાં ગુનો નોંધાયો છે. આરોપીએ મોબાઈલ સ્કેનર મારફત નાણાં ટ્રાન્સફર કરાવ્યા બાદ ક્રેડિટ કાર્ડથી મોબાઈલ પણ લેવડાવી લીધો હતો. જે મામલે ગુનો નોંધાતા તાલુકા પોલીસે જામનગરથી શૈલેન્દ્રસિંહ ઉર્ફે પ્રકાશ સુરેન્દ્રસિંહ નિરબાનને દબોચી લેવામાં આવ્યો છે.

મામલામાં કાલાવડ રોડ પર અવધ રોડ, વિરસાવરકરનગરમાં રહેતા ૧૯ વર્ષીય યુવાને નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે શૈલેન્દ્રસિંહ ઉર્ફે પ્રકાશ સુરેન્દ્રસિંહ નિરબાન (રહે. જામનગર) નું નામ આપતાં .

બે દિવસ પહેલા તેમને ગ્રીન્ડર ડેટીંગ એપ્લીકેશન મારફત એક વ્યક્તી સાથે વિડીયોકોલમાં વાતચીત થયેલ હતી. ત્યારબાદ ડેટીંગ એપ્લીકેશન મારફત મેસેજમાં વાતચીત થયેલ હતી. તા.૦૪/૦૨/૨૦૨૫ ના રોજ તે વ્યક્તીએ મેસેજમાં જણાવેલ કે, .

બાદમાં યુવાનને આરોપી નિચે મળેલ અને તે રોકાયેલ રૂમમાં લઇ ગયેલ હતો. ત્યારબાદ બંને વાતચીત કરેલ અને તેને પોતાનું નામ શૈલેન્દ્રસિંહ ઉર્ફે પ્રકાશભાઇ સુરેન્દ્રસિંહ નીરબાન અને પોતે જામનગર રહેતો હોવાનુ જણાવેલ હતું. બાદમાં યુવાને પોતાનું નામ સરનામું જણાવેલ હતું. દરમિયાન આરોપી નાહીને બહાર નિકળી ગયેલ હતો. બાથરૂમનો દરવાજો ખુલ્લો હોય અને યુવાન કપડા પહેર્યા વિના નાહતો હોય તેને તેમની જાણ બહાર છેતરીને નગ્ન વિડિયો ઉતારી લીધેલ હતો. યુવાનને વિડીયો વાયરલ કરી દેવાની ધમકી આપેલ અને કહેલ કે, બતાવ તારા ખાતામાં કેટલા પૈસા છે જેથી ગભરાઇ ગયેલ યુવાનનાએચ.ડી.એફ.સી.બેન્ક એકાઉન્ટમાં રૂ.૪૪ હજાર અને કોટક મહિન્દ્રા બેન્ક એકાઉન્ટમાં રૂ.૨૬ હજાર હતા. આરોપીએ બંને એકાઉન્ટમાંથી સ્કેન કરી કુલ રૂ.૬૫ હજાર લઇ લીધેલ હતા. ત્યારબાદ યુવાનનું પાકીટ કાઢી તેમાંથી ક્રેડીટ કાર્ડ લઇ લીધેલ હતું. તેમજ આધાર કાર્ડ અને ફોન તેની પાસે તેને રાખી જાનથી મારી નાખવાની ધમકી આપી યુવાનના જ બાઇકમાં એસ્ટ્રોન ચોક પાસે આવેલ ટેલીકોમ પર લઈ ગયેલ હતો અને ત્યાં તેણે એક ઓપો કંપનીનો રૂ.૩૬,૮૦૦ નો મોબાઇલ યુવાનના ક્રેડીટ કાર્ડ ઉપર ખરીદ કરેલ હતો અને બીલમાં તેણે તેનુ નામ પ્રકાશભાઇ લખાવેલ હતુ.બનાવ અંગેની ફરીયાદ પરથી તાલુકા પોલીસે ગુનો નોંધી પીએસઆઇ બી.આર.ભરવાડ અને ટીમે આરોપી શૈલેન્દ્રસિંહ નિરબાનને જામનગરથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

તાલાલાઃ પાણીકોઠા ગામે બંદુક સાથે શખ્સ ઝડપાયો

વેરાવળ તા.૬

ગિર સોમનાથ જિલ્લામાં ગેરકાયદે હથીયારો શોધી કાઢવા એસ.પી. મનોહરસિંહ જાડેજાએ આપેલી સુચનાને પગલે તાલાલા પોલીસ મથક ના પી.આઈ. જે.એન. ગઢવી સહિતના સ્ટાફે પેટ્રોલીંગ હાથ ધર્યું હતુ. ત્યારે પાણી કોઠા ગામે રહેતો સદામ કાળુ કાતીયાર નામનો શખ્સ પાસે હથીયાર હોવાની મળેલી બાતમીનાં આધારે પીએસઆઈ પી.બી. ધનેશા, દેવેન્દ્રભાઈ ગાધે સહિતના સ્ટાફે દરોડો પાડી રેલવે સ્ટેશન પાસેથી ઝડપી લઈ તેના કબ્જામાંથી બંદૂક મળી આવતા ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટઃ લાયસન્સ વિના વાહન ચલાવતા ૩૫ વિદ્યાર્થીઓ ઝડપાયા

માતા-પિતાને તેડું મોકલી દંડનીય પગલાં લેવાયાલ જરૂરી માર્ગદર્શન પણ અપાયું પોલીસના તેડાંમાં હાજર નહિ રહેનાર વાલીઓના સંતાનોના વાહનો ડિટેઇન કરી લેવાયા

રાજકોટ

રાજ્યમાં માર્ગ અકસ્માતમાં દર વર્ષે હજારો લોકો જીવ ગુમાવતા હોય છે ત્યારે ટ્રાફિક નિયમોનું પાલન થાય અને જીવલેણ માર્ગ અકસ્માતો ઘટે તેના માટે દર વર્ષે રોડ સેફટી માસની ઉજવણી કરી જાગૃતતા ફેલાવવામાં આવતી હોય છે. ઉપરાંત ટ્રાફિક પોલીસ અને આરટીઓ તંત્ર દ્વારા નિયમતોડ વાહનચાલકો વિરુદ્ધ શિક્ષાત્મક પગલાં લેવામાં આવતા હોય છે. ત્યારે ટ્રાફિક પોલીસ દ્વારા ડ્રાયવિંગ લાયસન્સ વિના વાહન દોડાવતા ૩૫ વિદ્યાર્થીઓ વિરુદ્ધ શિક્ષાત્મક પગલાં લેવામાં આવ્યા છે. વાલીઓને તેડું મોકલી દંડનીય પગલાં લેવામાં આવ્યા છે તેમજ વાલીઓને આ અંગે જરૂરી સમજણ આપવામાં આવી હતી કે, ડ્રાયવિંગ લાયસન્સ નહિ ધરાવતા બાળકને વાહન આપવું જોઈએ નહિ. ઉપરાંત જે વાલીઓ હાજર ન રહ્યા હતા તેમના સંતાનોના વાહનો પણ ડિટેઇન કરી લેવામાં આવ્યા હતા શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની માર્ગ સલામતી સુનિશ્ચિત થાય તે માટે ટ્રાફિક શાખા દ્વારા શહેરી વિસ્તારમાં આવેલ સ્કુલ/કોલેજોમાં ૧૮ વર્ષથી નીચેના વિદ્યાર્થીઓ સ્કુલ/કોલેજોમાં આવવા-જવા માટે ટુ-વ્હીલ/ફોરવ્હીલરનો ઉપયોગ કરતાં હોય છે પરતું તેઓ પાસે આર.ટી.ઓ. દ્વારા ઇસ્યુ થતું વેલીડ લાયસન્સ ધરાવતા ન હોય તેવા વિદ્યાર્થીઓ નાયબ પોલીસ કમિશ્નર ટ્રાફિક પૂજા યાદવ અને મદદનીશ પોલીસ કમિશ્નર ટ્રાફિક શાખા જે.બી.ગઢવી અને ટ્રાફિક શાખાના અધિકારી/કર્મચારીઓ દ્વારા કોઇ ભયંકર અકસ્માત કે અનિચ્છીનીય બનાવ ન બને તેમજ વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાને રાખીને વિશેષ ડ્રાઇવનું આયોજન કરવામાં આવેલ હતું. જે અંતર્ગત તા.૦૫/૦૨/૨૦૨૫ના રોજ શહેરી વિસ્તારની અલગ-અલગ સ્કુલ ખાતે કુલ-૩૫ વેલીડ લાયસન્સ ન ધરાવતા વિદ્યાર્થી સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. તેમજ સદરહુ ડ્રાઇવ આગામી દિવસોમાં પણ ચાલુ રાખવામાં આવનાર છે.

રાજકોટ : નામચીન શખ્સ વધુ એક વખત પાસા તળે

૫૧ ગુના આચરનાર શખ્સ સાત વખત પાસાની હવા ખાઈ ચુકયો

રાજકોટ, તા.૬

શહેરનો નામચીન હિસ્ટ્રીશીટર ઈભલો સુધરવાનું નામ જ લેતો નથી વારંવાર ગુનાઓ આચરવાની ટેવ ધરાવતા ઈભલાને આઠમી વખત પાસા તળે અમદાવાદ જેલમાં ધકેલવામાં આવ્યો છે. શખ્સ સામે આર્મ એકટ, હત્યાની કોશિષ, દારૂ, જુગાર સહિતના ૫૧ જેટલા ગુના નોંધાયેલા હોવાનુ પોલીસની વિગતોમાં સામે આવ્યું છે.

પ્રાપ્ત વિગત મુજબ રાજકોટમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે એ માટે ગુનાખોરી આચરતા હિસ્ટ્રીશીટરો સામે પાસાની કાર્યવાહી કરવા પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાની સૂચનાને પગલે બી-ડીવીઝન પોલીસ મથકમાં ૪૫ જેટલા ગુના જેના નામે નોંધાયેલ છે એ હિસ્ટ્રીશીટર ઈબ્રાહીમ ઉર્ફે ઈભલો કરીમ કાથરોટીયા સામે બી.ડીવીઝન પોલીસ મથકના પીઆઈ એસ.એસ.રાણેએ પાસાની દરરખાત તૈયાર કરી પોલીસ કમિશનરને મોકલી આપતા દરખાસ્તને મંજુરી આપી પાસાનુ વોરંટ ઈશ્યુ કરતા બી-ડીવીઝન પોલીસે નામચીન ઈભલાની ધરપકડ કરી અમદાવાજ જેલમાં ધકેલવા તજવીજ હાથ ધરી છે.

રાજકોટ : લગ્નમાં પત્ની સાથે માથાકુટ થતા યુવકે ઝેરી દવાપી લેતા મોત

રાજકોટ, તા.૬

ગોંડલ રોડ રસુલપરા પાછળ ગણેશ સોસાયટીમાં રહેતા યુવાને લગ્ન પ્રસંગમાંથી નીકળી દારૂ ઉપર દવા પી આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી.

પ્રાપ્ત વિગત મુજબ બજરંગ સોસાયટી-૫માં રહેતા યુવાન દેવરાજ ચંદુભાઈ રાઠોડ (ઉ.વ.૩૨)નામના યુવાનને સવારે તેના માતા રંજનબેન જગાડવા જતા જાગ્યો ન હતો આથી બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના તબિબે મૃત જાહેર કરતા પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. બનાવ અંગે હોસ્પિટલે ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલ પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી.

આપઘાત કરનાર દેવરાજ કારખાનામાં મજૂરી કરતો હતો. ચાર બહેનનો એક એક ભાઈ હતો અને સંતાનમાં એક દિકરી છે. તેના માતાએ કહ્યું હતુ કે ગઈકાલે પુત્ર દેવરાજભાઈ તેના સાઢુની દિકરીના લગ્નમાં નાના મૈવા ખાતે પત્નિ સાથે ગયો હતો. ત્યાંથી તે રાત્રે દારૂના નશામાં ઘરે આવ્યો હતો અને પોતે ઝેરી દવા પીધી હોવાનુ કહ્યું હતુ. અમને રમત કરતો હોવાનુ લાગ્યુ હતુ. બાદમાએ રૂમમાં જઈ સુઈ ગયો હતો અને સવારે જગાડવા જતા દવા પીધાની ખબર પડી હતી. વધુમાં લગ્નમાં પત્નિ પારૂલ પાસે પૈસા માંગતા તેણીએ પૈસા આપવાની ના પાડતા પાકિટમાંથી રૂા.૪૦૦ લઈને નીકળી ગયો હતો. એ પછી તે કોઈપણ સ્થળે દારૂ અને માથે દવા પીને ઘરે આવ્યા બાદ સુઈ ગયો હતો અને મોત થયુ હતુ. વધુ તપાસ આજીડેમ પોલીસે હાથ ધરી છે.

અમારી સામે તાકીને શું જોવે છે... કહી રિલાયન્સ મોલમાં બે યુવાનોને માર મરાયો

અજાણી બે યુવતી સહિત ચાર શખ્સ વિરુદ્ધ એટ્રોસિટી એક્ટ, મારા-મારી સહીતની કલમો હેઠળ ગુનો નોંધાયો

રાજકોટ

શહેરના રિલાયન્સ મોલમાં મારા મારીનો બનાવ સામે આવ્યો છે. અમારી સામે કેમ જોવે છે કહી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી માર મારવાનાં મામલામાં માલવિયાનગર પોલીસ મથકમાં કોમલ ગોસાઈ, હર્ષ, જીશાંત અને બે અજાણી યુવતીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે.

મામલામાં કટારીયા ચોકડી નજીક પંડિત દિનદયાળ હાઉસિંગ બોર્ડના ક્વાર્ટરમાં રહેતા પ્રદીપભાઇ લાલજીભાઇ દાફડા (ઉ.વ. ૨૫)એ જણાવ્યું હતું કે, ગઇ તા.૧૯/૧૨/૨૦૨૪ ના રોજ હુ તેમજ મારા મામાનો દીકરો જતીન રમેશભાઈ પરમાર બંને ત્રણેક વાગ્યાના અરસામાં ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર આવેલ રિલાયન્સ મોલમાં ઉપરના ભાગે બીજા માળે ફૂડ ઝોન આવેલ છે ત્યાં ગયેલ હતા. જ્યાં મારો ભત્રીજો સકેત દાફડા, ભાણેજ સેજલ ધાધલ, મિત્ર રાજ અને જય બેઠા હતા ત્યારે અમારી સામેના ટેબલમાં બેઠેલ કોમલએ મારા મિત્રને કહેલ કે તું મારી સામે તાકી તાકીને શા માટે જુવે છે? બાદમાં કોમલ અને તેની સાથે રહેલ હર્ષ મારા મિત્ર રાજ અને જયને ગાળો આપી હતી. ત્યારે મે અને મારી ભાણેજે ગાળો નહિ આપવા સમજાવ્યા હતા. છતાં આ લોકોએ ગાળો આપવાનું ચાલુ રાખ્યું હતું જેથી ઝગડો શાંત પાડવા રાજ અને જયને ત્યાંથી બહાર મોકલી દીધા હતા.

બાદમાં પાર્કિંગમાંથી વાહન લેવા જતાં ફરીવાર તેઓ ત્યાં આવી ચડ્યા હતા અને બોલાવ તારા મિત્રોને બધાને મેથી પાક આપવો છે, ઉપર બહુ હોશિયારી કરતા હતા. દરમિયાન હું મારા મીત્રને ફોન કરતો હતો ત્યારે આ લોકોએ મને માર માર્યો હતો. ત્યારે હર્ષ અને તેની સાથે હાજર બે યુવતીઓએ મને ઢીકાપાટુનો મુંઢ માર માર્યો હતો અને હર્ષએ નેફામાંથી છરી કાઢી આ કોઈની સગી નહિ થાય તેમ ધમકી આપી હતી. બાદ મને મારતા મારતા ફરીવાર ઉપર લઇ ગયાં હતા. દરમિયાન જતીન આવી જતાં તેને પણ જ્ઞાતિ પ્રત્યે હડધુત કર્યો હતો અને માર માર્યો હતો.

બાદમાં આ લોકો કહેતા હતા કે, આ બધાને આપણી ઓફીસમાં લઇ જઈને મજા ચખાડીએ, તેમની ઔકાતનું ભાન કરાવીએ. બાદમાં સિક્યોરીટીના બીજા માણસો પણ ભેગા થઈ જતા તેઓએ અમને વધુ મારમાંથી બચાવેલ હતા. બાદમાં મે પોલીસ કંટ્રોલરૂમમાં ફોન કરી બનાવની જાણ કરી હતી અને માલવિયાનગર પોલીસ મથકે પહોંચ્યા હતા. બાદમાં અમારી સાથે બોલાચાલી કરી ઝગડો કરી ઢીકાપાટુનો મુંઢ માર મારનારના પુરા નામ સરનામાં ખબર ન હોય જેથી અમોએ સોશ્યલ મીડીયામાં ઇન્સ્ટાગ્રામમાં કોમુ ગોસાઈ નામ સર્ચ કરતા કોમલનું ઇન્સ્ટાગ્રામ આઇડી મળી આવ્યું હતું. તેમજ તેના ફ્રેન્ડ લિસ્ટમાં રાજા સંધીનું આઈડી હતું. તેમજ બીજો એક છોકરો જે અમને નીચે માર મારવામાં હતો તેનું પણ કોમલના ફ્રેન્ડ લિસ્ટમાં જીશાંત રત્નનુ આઇડી હતું જેની નકલ મેળવેલ તથા મે તથા જતીને સારવાર લીધેલ હતી બાદમાં આ બધા સામે કાયદેસર ફરિયાદ નોંધાવી હતી.

કલ્યાણપુર વિસ્તારમાં મહિલાના ઘરમાં ઘુસીને હુમલો

(વિજય ધ્રુણા દ્વારા)

મીઠાપુર, તા.૬

દેવભૂમી દ્વારકા જીલ્લાના કલ્યાણપુર તાલુકાના દેવળીયા ગામે રહેતા ભાવના નથુભાઈ (ઉ.૩૫)નામની મહિલાના ઘરમાં અરજણ કાના, મંજુબેન અરજણ, હરદાસ કાના તેમજ યોગેશ અરજણે જુના મનદુઃખનો ખાર રાખીને ઘરમાં ગેરકાયદે પ્રવેશી આ મહિલાને માર મારતા કલ્યાણપુર પોલીસે ફરીયાદ આધારે કાર્યવાહી કરી છે.

સલાયાની યુવતિએ કર્યો આપઘાત

દેવભૂમી દ્વારકા જીલ્લાના ખંભાળીયા તાલુકાના સલાયા ગામે એક અપરિણિત યુવતિએ આપઘાત કર્યાનુ નોંધાયુ છે. સલાયામાં રહેતી સૌમૈયાબેન ગજણ (ઉ.૨૮)નામની યુવતિએ અકળ કારણસર ઝેરી દવા પી લેતા તેણીને સારવારમાં ખસેડવામાં આવેલ જ્યાં તેણીનુ મોત થયુ છે. મરનારના ભાઈ દ્વારા પોલીસને જાણ કરવામાં આવી છે.

ભાવનગર નજીક અકસ્માતમા બાઈક ચાલકનું માથું ધડથી અલગ થઈ ગયું

લગ્નમાં સરણાઈ વગાડવા જઈ રહેલા બાઈક ચાલકનું બોલેરો સાથે અથડાતા મોત

રાજકોટ સ્ભાવનગરના તણસા ગામ નજીક બોલેરો અને બાઈક વચ્ચે સર્જાયેલ અકસ્માતની ઘટનામાં બાઈક ચાલક કંટાળા ગામના યુવાનનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું.આ અકસ્માત એટલો ગંભીર હતો કે બાઈક ચાલક યુવાનનું મસ્તક ધડથી અલગ થઈને ૭૨ ફૂટ જેટલું દૂર પડ્યું હતું. કાળજું કંપાવે તેવી અકસ્માતની આ ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર ભાવનગર સોમનાથ હાઈવે પર આવેલ તણસા ગામ નજીક પુલ ઉપર પૂરપાટ ઝડપે પસાર થઈ રહેલ બોલેરો નં.જી.જે.૦૪ - એ.ડબલ્યુ. - ૬૦૦૯ અને બાઈક નં.જી.જે.૦૧ ૪૭૨૬ વચ્ચે જોરદાર અકસ્માત થતા બાઈક ચાલક કંટાળા ગામના યુવાન નાથાભાઈ શામજીભાઈ પરમારનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મોત થયું હતું.બંને વાહનો વચ્ચે ટક્કર એટલી જોરદાર હતી કે બાઈક ચાલક નાથાભાઈ પરમારનું મસ્તક ધડથી અલગ થઈ ગયું હતું અને બનાવથી ૭૨ ફૂટ દૂર ફંગોળાઈને પડયું હતું.આ ઘટનામાં બોલેરો અને બાઈકને પણ નુકસાન થયું હતું. મૃતક બાડી ગામે લગ્નપ્રસંગમાં શરણાઇ વગાડવા માટે જવાનુ હોવાનુ બાઇક લઇને નીકળ્યા હતા.આ બનાવની જાણ થતાં ઘોઘા પોલીસ, ૧૦૮ એમ્બ્યુલન્સ સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. ઘોઘા પોલીસે બાઈક ચાલક યુવાનના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે ભાવનગર હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

વાંકાનેરના કુંભારપરામાં શ્વાસ ચડતા-છાતીમાં દુખાવો થતા આધેડનું મોત

શહેરના કુંભારપરામાં રહેતા ૪૩ વર્ષીય આધેડને શ્વાસ ચડ્યો અને છાતીમાં દુખાવો થતા હોસ્પિટલ ખસેડાયા હતા જ્યાં સારવાર દરમિયાન મોત થયું હતું વાંકાનેરના કુંભારપરા શેરી નં ૦૫ માં રહેતા દીપકભાઈ બાબુભાઈ વાઘેલા (ઉ.વ.૪૩) નામના આધેડ ગત તા. ૦૫ ના રોજ પોતાના ઘરે હતા ત્યારે શ્વાસ ચડતા અને છાતીમાં દુખાવો ઉપડતા વાંકાનેર સરકારી હોસ્પિટલ સારવાર માટે ખસેડાયા હતા જ્યાં સારવારમાં આધેડનું મોત થયું હતું વાંકાનેર સીટી પોલીસે બનાવ મામલે તપાસ હાથ ધરી છે

ગેસ લીકેજને પગલે બ્લાસ્ટ થતા દાઝી ગયેલ વૃદ્ધનું મોત

ગારીડા ગામે આવેલ ફેક્ટરીમાં રસોઈ બનાવતી વેળાએ ગેસ લીક થતા બ્લાસ્ટ થયો હતો જેને પગલે ૬૦ વર્ષીય વૃદ્ધ શરીરે દાઝી જતા મોત થયું હતું

વાંકાનેર તાલુકાના ગારીડા ગામે આવેલ સનરાઈઝ સ્ટીલ પ્રાઈવેટ લીમીટેડ ફેક્ટરીમાં રહીને કામ કરતા કુલદીપસિંહ બક્ષિશસિંહ (ઉ.વ.૬૦) નામના વૃદ્ધ ગત તા. ૨૧-૦૧ ના રોજ રસોઈ બનાવતા હતા ત્યારે ગેસ લીક થતા બ્લાસ્ટ થયો હતો જેને પગલે કુલદીપસિંહ આખા શરીરે દાઝી જતા સારવાર માટે રાજકોટ ખસેડાયા હતા જ્યાં સારવાર દરમિયાન વૃદ્ધનું મોત થયું હતું વાંકાનેર તાલુકા પોલીસે અકસ્માત મૃત્યુના બનાવની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ઈકો કારમાં દારૂની હેરાફેરી કરનાર બે ઝડપાયા

ઉંચી માંડલ ગામ નજીકથી ઈકો કારમાં દારૂની હેરાફેરી કરનાર બે ઇસમોને ઝડપી લઈને પોલીસે ઈંગ્લીશ દારૂની ૭૨ બોટલ અને ઈકો સહીત કુલ રૂ ૩.૪૮ લાખનો મુદામાલ જપ્ત કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે

મોરબી તાલુકા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય દરમિયાન મોરબી હળવદ રોડ પર ઉંચી માંડલ ગામની સીમમાંથી ઈકો કાર શંકાસ્પદ લાગતા આંતરી લીધી હતી જે કારની તલાશી લેતા દારૂની બોટલ નંગ ૭૨ કીમત રૂ ૪૮,૭૯૪ નો જથ્થો મળી આવતા ઈકો કાર અને દારૂ સહીત કુલ રૂ ૩,૪૮,૭૯૪ નો મુદામાલ કબજે લઈને આરોપી અલ્તાફ ઉર્ફ લાલો મુબારક હિંગોરજાને ઝડપી લીધો હતો.

રાજકોટ : સ્કૂલ બસની હડફેટે પિતાની નજર સામે માસુમનું મોત

રાજકોટ, તા.૬

રાજકોટમાં રૈયા રોડ પર હનુમાન મઢીથી એરપોર્ટ રોડ તરફના રસ્તે હીટ એન્ડ રનની ઘટના બની હતી. જેમાં પિતાની નજર સામે બે વર્ષના બાળક સ્કૂલ બસે કચડી નાખતા તેનુ કમકમાટી ભર્યું મોત થયુ હતુ.

અકસ્માતના આ બનાવની જાણ મળતી વિગતો મુજબ હનુમાન મઢી પાસે છોટુનગર શેરી નં.૪ માં રહેતા અને મજૂરકામ કરનાર વિક્રમ સોમાભાઈ વાજેલીયા(ઉ.વ.૨૧) નામનો યુવાન ગઈકાલે સાંજે પાંચેક વાગ્યે આસપાસ તેના બે વર્ષના પુત્ર વિશાલને બાઈકમાં બેસાડી અહીં હનુમાન મઢીથી એરપોર્ટ રોડ ખાતે આવેલા કે.કે.પાન ખાતે ફાકી લેવા માટે ગયો હતો યુવાન ફાકી લેતો હતો તે સમયે તેનો પુત્ર વિશાલ બાઈક પાસે ઉભો હોય દરમિયાન પૂરપાટ ઝડપી આવ

પ્રાચીન પરંપરા સાથે નૈતિક, મૂલ્યનિષ્ઠ અને કર્મઠ શિક્ષણ દ્વારા જ સમાજનું નવનિર્માણ શક્ય: રાજ્યપાલ

આણંદ.તા.૬

સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરનો ૬૭મો પદવીદાન સમારોહ આજે રાજયપાલ અને યુનિવર્સિટીના કુલાધિપતિ આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ પદવીદાન સમારોહમાં રાજયપાલ આચાર્ય દેવવ્રતજી, ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રી ઋષિકેશભાઈ પટેલ અને શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ વિવિધ વિદ્યાશાખાના ૧૬,૨૧૮ વિદ્યાર્થીઓને સ્નાતક અને અનુસ્નાતકની પદવી તથા ૧૦૦ તેજસ્વી વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક સિદ્ધિ માટે સુવર્ણચંદ્રક એનાયત કર્યા હતા. રાજ્યપાલના હસ્તે સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા સૌ પ્રથમવાર પદવીધારકોને ડીજી લોકરમાં ઓનલાઈન પદવી પ્રમાણપત્ર ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા.

રાજયપાલશ્રીએ પદવીધારકોને રાષ્ટ્રના જવાબદાર નાગરિક બની માતા-પિતા અને ગુરુજનો પ્રત્યે પોતાનું દાયિત્વ નિભાવી પોતાના જ્ઞાન અને સમજણનો ઉપયોગ સમાજના છેવાડાના માનવીના ઉત્થાન માટે કરવા અનુરોધ કર્યો હતો. રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું કે, આપણી ઋષિ અને ગુરુકુળ પરંપરામાં માનવીય જીવન મૂલ્યો, સંસ્કાર, માનવતા અને આધ્યાત્મિકતાનું શિક્ષણ આપવામાં આવતું હતું. એટલું જ નહિ આધ્યાત્મિક અને ભૌતિકવાદનું શિક્ષણ મેળવવા માટે વિદેશોમાંથી પણ લોકો ભારતમાં આવતા હતા અને ભારત વિશ્વગુરુના રૂપમાં પ્રસ્થાપિત થયું હતું.

રાજ્યપાલશ્રીએ આધુનિક યુગમાં માનવીને માનવતા, પરોપકાર, રાષ્ટ્ર પ્રત્યે જવાબદાર વ્યવહાર, ધાર્મિક પરંપરા સાથે સત્ય, ઈમાનદારી, પ્રેમ, કરુણા અને દયા સહિત મન અને કર્મની સાથે અંતરઆત્માને પવિત્રતા આપે એવા શિક્ષણની હિમાયત કરી હતી. તેમણે આ તકે પદવીધારકોને કારકિર્દીના ઉચ્ચ શિખરો સર કરે એવી શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશભાઈ પટેલે ડિગ્રી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ માટે સમાજ જીવનના નવા દરવાજા ખુલી રહ્યા છે, તેમ જણાવતાં ઉમેર્યું હતું કે, દીક્ષાંત એ માત્ર શિક્ષાંત ન બની રહે તેની ચિંતા કરીને વિદ્યાર્થીઓએ અભ્યાસ દ્વારા તેમણે પ્રાપ્ત કરેલી માહિતીને જ્ઞાનમાં પરિવર્તિત કરવી પડશે.મંત્રીશ્રીએ કહયું હતું કે, ૨૦ મી સદીની આપણી કલ્પનાઓ ૨૧ મી સદીમાં સાકાર થઈ રહી છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં ભારતની આ ૨૧ મી સદીની શરૂઆત ગુજરાતથી થઈ છે.

દ્વારકામાં ચિકિત્સા સેવાઓ આપનાર તમામે ૧૨ માર્ચ સુધીમાં પ્રોવિઝનલ રજિસ્ટ્રેશન કરાવવવું ફરજિયાત

દેવભુમિ દ્વારકા તા.૬

'ગુજરાત ચિકિત્સા સેવાઓ અધિનિયમ -૨૦૨૧(રજિસ્ટ્રેશન નિયમન)'ની જોગવાઈઓ અનુસાર તમામ ચિકિત્સા સંસ્થાઓએ પોતાનું કામચલાઉ રજિસ્ટ્રેશન અને ત્યાર બાદ કાયમી રજિસ્ટ્રેશન મેળવવાનું થાય છે. તમામ ચિકિત્સા પધ્ધતિમાં સારવાર આપતા તમામ દવાખાના, હોસ્પિટલ, નર્સિંગ હોમ, પ્રસૂતિગૃહ, આરોગ્યભવન, પી.એચ.સી., સી.એચ.સી, ઈન્ડીવિઝ્યુઅલ પ્રેક્ટિશનર, ફિઝિઓથેરાપી સેન્ટર, ડેન્ટલ ક્લિનિક, ઈમેજિંગ સેન્ટર, ઓપરેશનલ થેરાપી સેન્ટર, લેબોરેટરી વગેરે કે જે દર્દીઓની સારવાર સાથે સંકળાયેલ છે તે તમામ સંસ્થાઓએ લીંક ઉપર કામચલાઉ રજીસ્ટ્રેશન માટેની અરજી કરવાની રહેશે, આ માટે રાજ્ય સરકારશ્રી તરફથી મળેલ સુચના અન્વયે તા.૧૨/૦૩/૨૦૨૫ સુધીમાં તમામ ચિકિત્સા સંસ્થાઓનું કામચલાઉ રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે અન્યથા એક્ટની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવામાં આવશે જેની સર્વેએ નોંધ લેવા ડિસ્ટ્રીકટ રજીસ્ટ્રીંગ ઓથોરીટી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી દેવભૂમિ દ્વારકાની યાદીમાં જણાવવામાં આવેલ છે.

ત્રિવેણી સંગમ ખાતે અદાણી-ઈસ્કોનના નવા અન્નક્ષેત્રનો પ્રારંભ કરાયો

પ્રયાગરાજના યાત્રાળુઓને વિનામૂલ્યે પૌષ્ટિક ભોજન માટે રસોડું

પ્રયાગરાજમાં પવિત્ર સ્નાન માટે ભક્તોની ભીડ જામી રહી છે. તેવામા દર્શનાર્થીઓને સ્નાન કર્યા બાદ તરત જ ગરમાગરમ પ્રસાદ મળી રહે તે માટે અદાણી અને ઇસ્કોન દ્વારા ત્રિવેણી સંગમ ખાતે ચોથું રસોડું શરૂ કરવામાં આવ્યું છે. તેનાથી યાત્રાળુઓને પવિત્ર સ્નાન બાદ તરત જ ગરમ પૌષ્ટિક પ્રસાદ મળી રહેશે.

પ્રયાગરાજની યાત્રામાં ભક્તોને ભારે પગપાળા પ્રવાસ ખેડવો પડે છે. ત્રિવેણી સંગમ ખાતે ડૂબકી લગાવવા તો કેટલાક લોકો ૧૦-૨૦ કિલોમીટર સુધી ચાલીને આવે છે. તેવામાં સ્નાન બાદ થાક અને ભૂખ લાગવી સ્વાભાવિક જ છે. શ્રદ્ધાળુઓની આ પીડા સમજીને અદાણી-ઈસ્કોન દ્વારા પ્રયાગરાજના ત્રિવેણી સંગમ ખાતે નવા રસોડાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

કુંભમેળામાં આવતા શ્રદ્ધાળુઓ માટે અદાણી અને ઇસ્કોન દ્વારા આ ચોથું રસોડું સ્થાપિત કરવામાં આવ્યું છે. અગાઉ ભોજન મેળાના મેદાનમાં પરિવહન કરવું પડતું હતું, જેના કારણે લોજિસ્ટિકલ વિલંબ થતો હતો. હવે, આ નવી વ્યવસ્થા સાથે, ભક્તો તેમના પવિત્ર સ્નાન પૂર્ણ કર્યા પછી તરત જ સંગમ ખાતે જ પ્રસાદ મેળવી શકે છે.

આ સમયસરની પહેલ અદાણી અને ઇસ્કોનની નિઃસ્વાર્થ સેવા પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. એટલું જ નહીં, એ ખાતરી પણ કરે છે કે કોઈ પણ યાત્રાળુ ભૂખ્યો ન રહે અને દરેક ભક્તને આધ્યાત્મિક અને શારીરિક બંને રીતે સુપોષણ મળી રહે. અદાણી ગ્રુપના કર્મચારીઓ, ઇસ્કોન સાથે મળીને વિવિધ સ્થળોએ થઈ રહેલી ભોજન વ્યવસ્થામાં મદદ કરી રહ્યા છે, પરંતુ દરરોજ લાખો લોકો માટે બનાવેલા રસોડામાં ભોજન તૈયાર કરવામાં પણ મદદ કરી રહ્યા છે.

મોરબી: ગટરના ગંદા પાણી ઘરોમાં ઘુસી ગયા, મહિલાઓનો કચેરીએ મોરચો

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૬

મોરબી શહેરમાં અનેક સમસ્યાઓ જોવા મળી રહી છે મહાનગરપાલિકા બનાવ્યા છતાં હજુ નાગરિકોની ફરિયાદો સતત જોવા મળી રહી છે જેમાં વિજયનગર વિસ્તારમાં ગટરના ગંદા પાણી ઘરોમાં ઘુસી જતા હોવાની રાવ લઈને મહિલાઓનો મોરચો મહાનગરપાલિકા કચેરીએ દોડી ગયો હતો અને તંત્રને રજૂઆત કરી હતી. મોરબીના વિજયનગરમાં છેલ્લા છ માસથી ભૂગર્ભ ગટરની સફાઈ કરવામાં આવી ના હોવાથી ગટરના ગંદા પાણી ઉભરાઈ રહ્યા છે અને અહી વસતા નાગરિકોના ઘરોમાં ઘુસી જતા હોવાથી કંટાળી ગયેલી મહિલાઓએ આજે મહાપાલિકા તંત્ર સામે મોરચો માંડ્યો હતો મહિલાઓનું ટોળું કચેરીએ દોડી ગયું હતું અને આક્રોશ સાથે રજૂઆત કરી હતી ત્યારે તંત્ર આજે થશે, કાલે થશે તેવા આશ્વાસન આપી ટોળાને પરત મોકલી દેતું હોય છે પરંતુ શ્રમિક વિસ્તારમાં રહીશો રોજનું કમાઈ રોજ ખાતા હોય છે ત્યારે કામ ધંધા મૂકી કચેરીએ ધક્કા થાય તો રોજીરોટીને અસર થાય છે તે તંત્ર ક્યારે સમજશે તે મોટો પ્રશ્ન છે.

ગીરમાં સિંહોને શિકાર કરવા માટે ઉપલબ્ધ પ્રાણીઓની સંખ્યામાં ૩૭%નો વધારો

રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણીને પર્યાવરણ, વન્ય અને આબોહવા પરિવર્તન મંત્રીનો પ્રત્યુત્તર

(નયના દવે દ્વારા)

જામનગર,૬

ગીરમાં એશિયાટિક સિંહોને શિકાર માટે ઉપલબ્ધ પ્રાણીઓની સંખ્યામાં છેલ્લા પાંચ વર્ષમાં ૩૭%નો વધારો થયો છે. ગીરમાં સિંહને શિકાર કરવા માટે ઉપલબ્ધ પ્રાણીઓની અંદાજિત સંખ્યા ૨૦૧૯માં ૧,૫૫,૬૫૯થી વધીને ૨૦૨૪માં ૨,૧૩,૩૯૧ થઈ છે. કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન રાજ્ય મંત્રી શ્રી કીર્તિ વર્ધન સિંહે ૬ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ રાજ્યસભામાં સાંસદ શ્રી પરિમલ નથવાણી દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં ઉપરોક્ત માહિતી પૂરી પાડી હતી.

મંત્રીશ્રીના નિવેદન મુજબ શિકાર કરવા માટે ઉપલબ્ધ પ્રાણીઓની વસ્તીને વધારવા અને લાંબા ગાળા માટે તેને ટકાવવા માટેની મુખ્ય પ્રજાતિઓ જેમ કે હરણ અને સાબરના સંવર્ધન કેન્દ્રોને વ્યૂહાત્મક રીતે સ્થાપિત કરવામાં આવ્યા છે. શાકાહારી પ્રાણીઓના વસ્તી વધારાના વલણો પર નજર રાખવા અને વિસ્તારમાં શિકાર માટે પ્રાણીઓ ઉપલબ્ધ બની રહે તે સુનિશ્ચિત કરવા માટે પધ્ધતિસરનું વસ્તી મૂલ્યાંકન કરવામાં આવે છે.

મંત્રીશ્રીના નિવેદન મુજબ સાબરના શિકાર માટેના સંવર્ધન કેન્દ્ર ક્રાંગસ, વડવાંગડા, આંબરડી, કિલેશ્વર-૧, કિલેશ્વર-૨, રામપરા, કરજડા ખાતે અને હરણના શિકાર માટેના સંવર્ધન કેન્દ્રો સતવીરડા અને રામપરા ખાતે સ્થાપિત કરવામાં આવ્યા છે.

શ્રી નથવાણી ગુજરાતના ગીરમાં સિંહોના શિકાર લાયક એવા તૃણાહારી પ્રાણીઓની સંખ્યા; સિંહોના વિચરણ વિસ્તારોની આસપાસ પૂરતા શિકારની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા લેવાયેલા પગલાં; સિંહોની વધતી જતી સંખ્યા અને ગીરની બહાર તેમના સ્થળાંતરને પહોંચી વળવા માટે ગીર અને તેની આસપાસ તૃણાહારી પ્રાણીઓ માટે કોઈ સંવર્ધન કેન્દ્રો સ્થાપવામાં આવ્યા છે કે કેમ અને સિંહોના માનવ વિસ્તારોમાં જવાના બનાવો ઘટાડવા અને માનવ-પ્રાણી વચ્ચેના સંઘર્ષને રોકવા માટે લેવામાં આવેલા પગલાંની વિગતો વિશે જાણવા માંગતા હતા. મંત્રીશ્રીના નિવેદન મુજબ સિંહોના માનવ વિસ્તારોમાં જવાની ઘટનાઓને ઘટાડવા અને માનવ-પ્રાણી વચ્ચેના ઘર્ષણને રોકવા માટે ઘણા મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે, જેમ કે ઊભા પાકના ખેતરોમાં જંગલી પ્રાણીઓના પ્રવેશને રોકવા માટે સૌર સંચાલિત ઇલેક્ટ્રિક ફેન્સ, બાયો-ફેન્સિંગ, બાઉન્ડ્રી વોલ વગેરે જેવા અવરોધો ઊભા કરવા, પસંદગીના સિંહોની હિલચાલ અને વર્તનની પેટર્નનું મૂલ્યાંકન કરવા માટે રેડિયો કોલરિંગ તેમજ સંઘર્ષ વગેરેના કિસ્સામાં માનવ વસ્તીવાળા વિસ્તારોમાંથી પ્રાણીઓને ખસેડવા માટે ટ્રેકર્સ અને બચાવ ટીમો તૈનાત કરવી. તદુપરાંત સંરક્ષિત વિસ્તારો અને સિંહોના અન્ય વસવાટ વિસ્તારોમાં તેમના વસવાટની સ્થિતિમાં સુધારણાના કામો હાથ ધરવામાં આવે છે, માનવ ઇજાઓ/જાનહાનિ તેમજ પશુઓના મૃત્યુ માટે રાજ્ય સરકાર દ્વારા નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.

સાવરકુંડલામાં આઈ શ્રી ખોડીયાર પ્રાગટ્ય મહોત્સવની ઉજવણી થઈ

(બિપીન પાંધી દ્વારા)

સાવરકુંડલા તા.

સાવરકુંડલામાં તાત્કાલિક હનુમાનજી ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત તાત્કાલિક હનુમાનજી આશ્રમ નાવલી નદી કાંઠે ખાતે આઈ શ્રી ખોડીયાર પ્રાગટ્ય મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ધાર્મિક કાર્યક્રમમાં નાના બાળકો તેમજ ભાવિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા. આ સેવા કાર્યમાં માતાજીની વિશેષ પૂજા કરવામાં આવી હતી, જેમાં ભાવિકોએ ભક્તિભાવથી માતાજીની આરાધના કરી હતી.

ત્યારબાદ ખોડીયાર માતાજીનો હવન કરવામાં કરવામાં આવેલ. હવન બાદ બાળકો માટે બટુક ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સૌ બાળકોએ સાથે મળીને પ્રસાદ લીધો હતો. તેમજ ખોડીયાર માતાજીના ગુણગાન ગવાતાં ભક્તિમય વાતાવરણ રચાયું. આ પ્રસંગે વાતાવરણમાં અનેરી દિવ્ય આધ્યાત્મિકતાની અનુભૂતિ થતી જોવા મળેલ.

અને ખાસ વાત કરીએ તો આ મંદિર નાવલી નદીના અવતરણ પ્રસંગનું માનવામાં આવે છે. આમ આ મંદિર ઘણું જૂનું છે.. આ મંદિરે આવતાં ખોડીયાર માતાજી ભાવિકો માતાજીના દર્શન કરીને અતૂટ શ્રદ્ધા સાથે ધન્યતા અનુભવતાં જોવા મળે છે. ખોડિયાર માતાજીએ ઘણા લોકોના દુઃખ દૂર કર્યા છે અને ભક્તોની મનોકામનાઓ પૂર્ણ કરી છે. ખોડિયાર માતાજીની ભક્તિ કરવાથી માનસિક શાંતિ મળે છે અને જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે છે. જે લોકો સાચા દિલથી ખોડિયાર માતાજીની ભક્તિ કરે છે, તેઓની તમામ મનોકામનાઓ પૂર્ણ થાય છે. આમ આ પ્રસંગે આઈ શ્રી ખોડીયાર પ્રાગટ્ય મહોત્સવની ઉજવણી ખૂબ જ ધામધૂમથી કરવામાં આવી હતી, જેમાં સૌ ભાવિકોએ આનંદ અને ઉત્સાહ સાથે ભાગ લીધેલ.

મોરબી મહાનગરપાલિકા દ્વારા વિવિધ ભરતી માટે વોક-ઇન-ઇન્ટરવ્યુ

મોરબી, તા.૦૬

મોરબી મહાનગરપાલિકામાં એપ્રેન્ટીસ એક્ટ-૧૯૬૧ હેઠળ પ્રવર્તમાન નિયમાનુસાર એપ્રેન્ટીસોની જગ્યાની ભરતી કરવા માટે વોક-ઇન-ઇન્ટરવ્યુનું આયોજન મોરબી મહાનગરપાલિકા કચેરી, મોરબી શહેર ખાતે કરવામાં આવ્યું છે. જેમાં સંબંધિત લાયકાત ધરાવતા ઉમેદવારોને હાજર રહેવા અંગે જાણ કરવામાં આવે છે.

જેમાં કોમ્પ્યુટર ઓપરેટર (કોપા) ની ૮ જગ્યાઓ માટે આઈ.ટી.આઈ. પાસ આઉટ ઉમેદવારો માટે અને બેન્ક ઓફિસ એપ્રેન્ટીસની ૧૫ જગ્યાઓ જગ્યા માટે કોઈપણ ગ્રેજ્યુએટ ઉમેદવારો માટે આગામી તારીખ ૧૧/૦૨/૨૦૨૫ ના રોજ અને હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટરની ૨૨ જગ્યાઓ માટે આઈ.ટી.આઈ. પાસ આઉટ ઉમેદવારો માટે આગામી તારીખ ૧૮/૦૨/૨૦૨૫ ના રોજ વોક-ઇન-ઇન્ટરવ્યુ યોજાશે

જે માટે ઇચ્છુક ઉમેદવારોની વયમર્યાદા ૧૮ થી ૩૫ વર્ષ સુધીની હોવી જોઈએ. તેમને રાજ્ય સરકારશ્રી દ્વારા નિર્ધારિત માસિક સ્ટાઇપેન્ડ ચુકવવામાં આવશે. ઉમેદવારોએ વોક-ઇન-ઇન્ટરવ્યુ સમયે લાયકાત સંબંધિત જરૂરી તમામ દસ્તાવેજોની નકલ તેમજ અસલ પ્રમાણપત્રો સાથે રાખવાના રહેશે.આ ઉપરાંત વોક ઇન ઇન્ટરવ્યુ માટે ઉપસ્થિત થનાર ઉમેદવારને કોઈપણ પ્રકારનું ભાડું કે ભથ્થું ચુકવવામાં આવશે નહીં. તેમણે સ્વખર્ચે અને સમયસર સ્થળ પર હાજર થવાનું રહેશે. આ સમગ્ર ભરતી પ્રક્રિયા અંગે આખરી નિર્ણયની સતા મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મોરબી મહાનગરપાલિકાની રહેશે. તેમ ડેપ્યુટી કમિશ્નરશ્રી (પ્રોજેકટ), મોરબી મહાનગરપાલિકાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

એજેક્સ એન્જિનિયરીંગ લિમિટેડનો આઈપીઓ સોમવારે ખૂલશે

રૂ.૧ ની ફેસ વેલ્યુના શેર દીઠ રૂ.૫૯૯ થી રૂ.૬૨૯નો પ્રાઈઝ બેન્ડ ફિકસ કરવામાં આવ્યો:બિડ-ઓફર બંધ બુધવાર

અમદાવાદ, તા.૬

એકજેકસ એન્જિનિયરીંગ કંપની સોમવાર, ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ પ્રત્યેક રૂ.૧ ની ફેસ વેલ્યુના તેના ઈક્વિટી શેર્સના આઈપીઓ ખોલવા જઈ રહી છે. એન્કર ઈન્વેસ્ટર બિડિંગ તારીખ બિડ-ઓફર ખોલવાની તારીખના કામકાજના એક દિવસ પહેલાની એટલે કે શુક્રવાર, ૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ છે. બિડ-ઓફર બંધ થવાની તારીખ બુધવાર, ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૫ છે.

ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂા.૫૯૯ થી રૂા.૬૨૯ રાખવામાં આવી છે. બિડ્સ લઘુતમ ૨૩ ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ ૨૩ ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે.

આઈપીઓમાં ૨,૦૧,૮૦,૪૪૬ સુધીના ઈક્વિટી શેર્સના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે જેમાં કૃષ્ણસ્વામી વિજય દ્વારા ૧૭,૧૬,૧૦૨ સુધીના ઈક્વિટી શેર્સ, કલ્યાણી વિજય દ્વારા ૧૭,૧૬,૧૦૨ સુધીના ઈક્વિટ શેર્સ, જેકોબ જિતેન જહોન દ્વારા ૨૨,૮૮,૧૩૬ સુધીના ઈક્વિટી શેર્સ, જેકબ હેન્સેન ફેમિલી ટ્રસ્ટ દ્વારા ૫૫,૯૩,૨૨૧ સુધીના ઈક્વિટી શેર્સ, સુઝી જહોન દ્વારા ૧૪,૩૦,૦૮૫ સુધીના ઈક્વિટી શેર્સ અને કીદારા કેપિટલ ફંડ ૨ એલએલપી દ્વારા ૭૪,૩૬,૮૦૦ સુધીના ઈક્વિટી શેર્સ સમાવિષ્ટ છે.

આ ઓફર સેબી આઈસીડીઆર નિયમોના નિયમન ૩૧ સાથે વાંચતા એસસીઆઆરના નિયમ ૧૯(૨)(બી)ના સંદર્ભે કરવામાં આવી છે. ઓફર બુક બિલ્ડિંગ પ્રોસેસ દ્વારા કરવામાં આવી છે અને સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન ૬(૧)ના અનુપાલનમાં કરવામાં આવી છે. જેમાં સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન ૩૨(૧)ના સંદર્ભે ઓફરના લઘુત્તમ ૫૦ ટકા પ્રમાણસર ધોરણે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સને ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે. એ શરતે કે અમારી કંપની બુક રનિંગ લીડ મેનેજર્સ સાથેની ચર્ચા બાદ ક્યુઆઈબી હિસ્સાનો ૬૦ ટકા સુધીનો હિસ્સો સેબી આઈસીડીઆર નિયમનો મુજબ વિવેકાધીન ધોરણે એન્કર ઈન્વેસ્ટર્સને ફાળવી શકે છે જે પૈકી એક-તૃત્યાંશ હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડસ માટે અનામત રાખવામાં આવશે જે સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ તરફથી જે કિંમતે એન્કર ઈન્વેસ્ટર્સને ફાળવણી કરવામાં આવી હોય તે અથવા તેનાથી વધુ કિંમતે એન્કર ઈન્વેસ્ટર્સને ફાળવણી કરવામાં આવી હોય તે અથવા તેનાથી વધુ કિંમતે મળેલી માન્ય બિડ્સને આધીન રહેશે. એન્કર ઈન્વેસ્ટર પોર્શનમાં અંડર-સબ્સ્ક્રીપ્શન અથવા નોન-એલોકેશનના કિસ્સામાં બાકીના ઈક્વિટી શેર્સ નેટ ક્યુઆઈબી પોર્શનમાં એન્કર ઈન્વેસ્ટર પોર્શન સિવાય ઉમેદવારમાં આવશે.

આ ઉપરાંત નેટ ક્યુઆઈબી પોર્શનનો ૫ ટકા હિસ્સો માત્ર મ્યુચ્યુઅલ ફંડસને પ્રમાણસર ધોરણે ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે અને નેટ ક્યુઆઈબી પોર્શનનો બાકીનો હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડસ સહિત તમામ ક્યુઆઈબીને (એન્કર ઈન્વેસ્ટર્સ સિવાય)પ્રમાણસર ધોરણે ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે. જે ઓફર કિંમતે કે તેનાથી વધુ કિંમતે મળેલી માન્ય બિડ્સને આધીન રહેશે.

ધોરણ ૧૦ અને ૧૨ માટે તણાવ મુક્ત પરીક્ષા સેમિનાર ક્રિસ્ટલ સ્કૂલમાં યોજાયો

(કિશાન ગોસ્વામી દ્વારા)

ઢાંક,તા.૬

સરસ્વતી પૂજન અને ધોરણ ૧૦ અને ૧૨ માટે તણાવ મુક્ત પરીક્ષા સેમિનાર ક્રિસ્ટલ સ્કૂલ અને રોટરી કલ્બના સંયુક્ત ઉપક્રમે યોજયો હતો આ સેમિનાર માં બે વખત રીરાષ્ટ્રીય સન્માન પ્રાપ્ત કરનાર જૂનાગઢના પ્રતિષ્ઠીત શિક્ષક બલદેવપરી દ્વારા બાળકોને મોટીવેશન અને આધુનિક ટેકનોલોજી ના માધ્યમથી પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું હોશિયાર વિદ્યાર્થી કેવી રીતે સંપૂર્ણ ગુણ મેળવી શકે અને નબળા વિદ્યાર્થીઓ ગણિત જેવા વિષયમાં ઉતીર્ણ થઈ શકે તેમને મહત્વપુર્ણ ટીપ્સ શિક્ષક શ્રી એ સમજાવી હતી. વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ ભરાઈ,સફળતા મેળવવાના સોપાનો ની જીણવટ ભરી સર્ચા પ્રેઝન્ટેશન સાથે કરી હતી જેમાં વિષય પણ ' સ્વયંભૂ ઉર્જા સ્ત્રોત ' રહ્યો હતો આ સેમિનારમાં સંસ્થાના સ્થાપક ચેરમેન જેશવાલ સાહેબ,હાર્દિક સાહેબ સાહેબ ,રોટરી કલ્બ ના પ્રમુખ મનસુખભાઇ, ડૉ.ગોડસે,રવિભાઈ, સામાની,ગિરીશભાઈ, રાજેશભાઈ, જનકભાઈ, સભ્યો શાળાના પ્રિન્સીપાલ ઉમાંબેન ,જ્યોતિબેન અને શિક્ષણ જગતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

કાગવડ: શ્રી ખોડલધામ મંદિરે યુવા સમિતિ દ્વારા કન્વિનર મીટ અને ધ્વજારોહણ

મજબૂત સંગઠન થકી રાષ્ટ્રની સેવામાં જોડાઈએ તેવી યુવાનોને અરજ: નરેશ પટેલ

કાગવડ, રાજકોટ: શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના નેજા હેઠળ કાર્યરત શ્રી ખોડલધામ યુવા સમિતિ દ્વારા તારીખ ૫ ફેબ્રુઆરી ને બુધવારના રોજ શ્રી ખોડિયાર જયંતીના પાવન અવસર નિમિત્તે શ્રી ખોડલધામ મંદિરે ઓલ ગુજરાત કન્વીનર મીટ અને ધ્વજારોહણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેનશ્રી નરેશભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી આ કન્વીનર મીટમાં ગુજરાતભરમાંથી શ્રી ખોડલધામ યુવા સમિતિના કન્વીનરો ઉપસ્થિત રહ્યા હતા. શ્રી ખોડલધામ યુવા સમિતિમાં નવા નિયુક્ત થયેલા કન્વીનરો અને સભ્યોને શ્રી ખોડલધામનો ખેસ પહેરાવીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે શ્રી ખોડલધામ ટ્રસ્ટ- કાગવડના ચેરમેનશ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, શ્રી ખોડલધામ યુવા સમિતિના તમામ કન્વીનરો ગુજરાતમાંથી પધાર્યા છે અને ખોડલધામના આગામી કાર્યક્રમોનું મંથન અને સંગઠનનો વ્યાપ કેવી રીતે વધારવો તેનું ચિંતન કરી રહ્યા છો ત્યારે આપ સૌને અભિનંદન. ખોડલધામનો મુખ્ય ઉદ્દેશ સંગઠન બનાવવું અને સંગઠિત રહેવાનો છે. હું હંમેશા કહું છું કે ખોડલધામ સંસ્થા નથી પણ એક વિચાર છે. આપણો સમાજ ખૂબ સરળ છે, સંયમતાથી જીવીએ છીએ અને બીજા સમાજને મદદરૂપ થઈને આગળ વધી રહ્યા છીએ. આપણા આ વિચારે દરેક ઘર સુધી પહોંચે અને મજબૂત થઈને રાષ્ટ્રની સેવામાં જોડાઈએ તેવી સૌ યુવાનોને અરજ કરું છું. શ્રી ખોડલધામ યુવા સમિતિનો વ્યાપ વધુ ને વધુ વિસ્તરે અને તમામ યુવાનો આ સંગઠનમાં જોડાય તેવી મા ખોડલને પ્રાર્થના.

શ્રી ખોડિયાર જયંતીના પાવન પર્વ નિમિત્તે શ્રી ખોડલધામ યુવા સમિતિ દ્વારા આયોજિત દિવ્ય અને ભવ્ય કન્વીનર મીટ અને ધ્વજારોહણ પ્રસંગે ગુજરાતભરમાંથી મોટી સંખ્યામાં શ્રી ખોડલધામ યુવા સમિતિના કન્વીનરો, સભ્યો, ટ્રસ્ટીશ્રીઓ સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા. કન્વીનર મીટ બાદ ધ્વજાજીનું પૂજન કરીને વાજતે-ગાજતે રાસ-ગરબા રમીને સૌ યુવાનોએ શ્રી ખોડલધામ મંદિરે ધ્વજારોહણ કર્યું હતું. ત્યારબાદ સૌ મહાપ્રસાદ લઈને છુટ્ટા પડ્યા હતા.

હળવદ: શ્રીહરિકૃષ્ણધામ દ્વારા વિકલાંગસાધન સહાય કેમ્પ

તા.૧૩, ૧૪ ,૧૫ ફેબ્રુઆરીના દિવસે દિવ્યાંગોની સ્થળ પર જ તપાસ અને સાધનો એનાયત કરાશે

રાજકોટ: દિવ્યાંગો સ્વમાનભેર જીવન જીવી શકે સમાજમાં માનભેર સ્થાન મેળવે તે માટે હરિકૃષ્ણ ધામ રણજીતગઢ માં દિવસે નિ શુલ્ક દિવ્યાંગ સાધન સહાયતા શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. મોરબી હળવદ હાઇવે પર શ્રી હરિકૃષ્ણ ધામ રણજીતગઢ ખાતે અમદાવાદની ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિના સહયોગથી તારીખ ૧૩, ૧૪ ,૧૫ ફેબ્રુઆરી દિવ્યાંગ સાધન સહાયતા શિબિરમાં જરૂરિયાતમંદ દર્દીઓને જયપુર ફૂટ અને કેલીપર દિવ્યાંગોને જરૂરિયાત મુજબ માપ પ્રમાણે બનાવી દેવામાં આવશે સાધન સહાય મેળવવા બાંદ્રા દિવ્યાંગો ને વિકલાંગતા દેખાતી હોય તેવો ફોટો આધારકાર્ડ વિકલાંગતા સર્ટિફિકેટ ની ઝેરોક્ષ કોપી લાવવાનું જણાવ્યું છે આ કેમ્પની વધુ વિગતો માટે સુરેશભાઈ ૯૮ ૨૫૬ ૨૭ ૦૮૬ અને માવજીભાઈ ભગત ૯૪ ૨૮૨ ૮૦ ૧૦૭ નો સંપર્ક કરવા ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિ અને શ્રી હરિકૃષ્ણ ધામ રણજીત ગઢની યાદીમાં જણાવ્યું છે.

આણંદમાં કુટણખાનું ઝડપાયું: એક વિદેશી અને ૪ ભારતીય યુવતીઓની અટકાયત

આણંદ,તા.૬

આણંદનાં વલ્લભવિદ્યા નગરમાં સ્પાની આડમાં ચાલતા દેહ વ્યાપારનાં રેકેટને એસઓજી પોલીસે ઝડપી પાડી એક યુવતી સહીત બે આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વલ્લભવિદ્યાનગરમાં આર્યરાજ એસ્પાયરમાં રોઝ ફેમિલી સ્પામાં સ્પાની આડમાં આંતરરાજય તેમજ વિદેશી યુવતીઓને લાવી તેઓ પાસે ગેરકાયદેસર રીતે દેહ વ્યાપારની પ્રવૃત્તિઓ ચલાવવામાં આવતી હોવાની ફરીયાદનાં આધારે આણંદની એસઓજી પોલીસે રોઝ ફેમીલી સ્પામાં છાપો મારી તપાસ કરતા સ્પામાં ચાર ભારતીય યુવતીઓ તેમજ એક વિદેશી યુવતી પાસે દેહવ્યાપાર કરાવવામાં આવતો હોવાનો પર્દાફાસ થયો હતો.

પોલીસે સ્પાનાં કાઉન્ટર પરથી સ્પાનો સંચાલક મધ્યપ્રદેશનાં ઈન્દોરની રાખી કેશરીલાલ ગાંગ્લે અને મૂળ માતરનાં અને હાલમાં આણંદ ખાતે રહેતા આસીફભાઈ સત્તારભાઈ વ્હોરાને ઝડપી પાડયા હતા, પોલીસે સ્પામાંથી બે ગ્રાહકો, ચાર ભારતીય યુવતીઓ અને એક વિદેશી યુવતીની પણ અટકાયત કરી હતી. પોલીસે જણાવ્યું હતું કે સ્પાની સંચાલક રેખા ગાંગ્લે અને આસીફ વ્હોરા અન્ય રાજયોમાંથી તેમજ વિદેશમાંથી યુવતીઓ લાવી સ્પાની આડમાં કુટણખાનુ ચલાવતા હતા. જેથી પોલીસે સ્પાનાં સંચાલક રેખા ગાંગ્લે અને મેનેજર આસીફ વ્હોરા વિરૂદ્ધ ધી ઈમોરલ ટ્રાફીકીગ (પ્રીવેન્સન એકટ) ૧૯૫૬ના કાયદાની કલમ ૩, ૪, ૫ તેમજ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૪૩ (૨), ૫૪ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી વિધ્યાનગર પો.સ્ટે. ખાતે ગુનો નોંધવામાં આવ્યો હતો.

અમદાવાદમાં કપડા ધોવા ગયેલો યુવાન પાણીમાં ગરકાવ થતાં મોત

અમદાવાદ,તા.૬

અમદાવાદમાં કપડા ધોવા ગયેલા યુવાનનું પગ લપસી જવાના લીધે પાણીમાં ગરકાવ થવાના લીધે મોત થયું હતું. ધોળકાના સિંધરેજ ગામે આ દુર્ઘટના બની હતી. શ્રમિક યુવાન નદીના કિનારે કપડા ધોવા ગયો હતો. અચાનક પગ લપસતા યુવાન ઊંડા પાણીમાં ડૂબ્યો હતો

સાથી શ્રમિકોએ યુવાનની લાશને બહાર કાઢી હતી. પોલીસે અકસ્માત ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસે આ અંગે કોર્પોરેશનના અધિકારીઓને પણ તાકીદ કરી છે કે શહેરમાં જ્યાં-જ્યાં પણ નદીમાં પ્રકારના ખાડા છે અને જ્યાં-જ્યાં પાણી ભરાયેલા છે અને ત્યાંથી પાણી ઉલેચીને ખાડામાં તાકીદે પુરાણ કરવામાં આવે. તેની સાથે ભવિષ્યમાં પણ આ પ્રકારની ઘટના ન બને તે માટે કોર્પોરેશનને ખાડાઓ પડે તેનું તાકીદે પુરાણ કરવા માટે જણાવ્યું છે.

યુવાનનું આ રીતે મોત થવાના લીધે સ્થાનિકોમાં આક્રોશ હતો. સ્થાનિકોનું કહેવું હતું કે અગાઉ નિગમની બેદરકારીના લીધે આ પ્રકારની દુર્ઘટનાઓ થતાં સ્હેજમાં બચી જતી હતી. પણ છેવટે આ દુર્ઘટના બનીને જ રહી. જો નિગમે નદીમાંથી ગેરકાયદે રેતી ઉલેચનારાઓ પર અંકુશ રાખ્યો હોત તો આ પ્રકારના ઘટના બની ન હોત. હવે રેત ખનન કરનારાઓએ નદીમાં આ રીતે પાડેલા ખાડા માટેની યોગ્ય કાર્યવાહી ન કરી તો તેણે લોકોના આક્રોશનો સામનો કરવા માટે તૈયાર રહેવું પડશે. તેથી આ એક ઘટના પરથી ચેતીને નિગમ યોગ્ય પગલાં લેવાનું શરૂ કરી દે.

સુરતઃ ખુલ્લી ગટરમાં ખાબકેલ ૨ વર્ષીય બાળકનું મૃત્યું

સુરત,તા.૬

સુરતમાં ગટર દુર્ઘટનામાં ૨ વર્ષીય બાળકનું મોત થતા અરેરાટી મચી ગઈ છે. સુરતના ન્યુ કતારગામ વિસ્તારમાં આવેલ ખુલ્લી ગટરમાં ૨ વર્ષનું બાળક પડી ગયું હતું. બાળકની શોધખોળ માટે ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને શોધખોળ હાથ ધરી હતી. ભારે જહેમત બાદ ફાયર વિભાગે બાળકને શોધ્યો હતો. પરંતુ બાળકનું મૃત્યું થયું. આ ઘટનાને પગલે પરિવારજનો અને સ્થાનિકોમાં શોક અને આક્રોશ જોવા મળ્યો હતો.

મળતી માહિતી અનુસાર, સુરતના ન્યૂ કતારગામ વિસ્તારમાં ૫ ફેબ્રુઆરીના સાંજના ૫.૩૦ની આસપાસ બે વર્ષનું બાળક ૩ ફૂટની ખુલ્લી ગટરમાં પડી ગયું હતું. ઘટનાને પગલે પરિવારજનો અને સ્થાનિકો દ્વારા બાળકની શોધખોળ હાથ ધરવામાં આવી હતી, પરંતુ તેન મળતાં ફાયર વિભાગને જાણ કરાઈ હતી. ઘટનાની ગંભીરતાને પગલે તાત્કાલિક ફાયર વિભાગ સ્થળ પર દોડી આવ્યો હતો અને કેમેરાની મદદથી ડ્રેનેજ લઈનમાં શોધખોળ શરૂ કરી હતી. છ કલાકની જહેમત બાદ પણ બાળક ન મળતાં મોડીરાત્રે રેસ્ક્યૂની કામગીરી બંધ કરાઈ હતી. આજે (૬ ફેબ્રુઆરી) ફરી બાળકની શોધખોળ શરૂ કરવામાં આવી છે. ૧૬ કલાકથી વધુ સમય થઈ ગયો, પણ તેનો હજુ કોઈ પત્તો લાગ્યો નહિ. ઉલ્લેખનીય છે કે ત્રણ દિવસ પહેલાં જ બાળકનો જન્મ દિવસ હતો. વરીયાવ પંપિંગ સ્ટેશનમાંથી બાળકને બહાર કાઢ્યું. સુમન સાધના આવાસમાં રહેતો કેદાર શરદભાઈ વેગડ (ઉં.વ. ૨) માતા સાથે સાંજે ૫.૩૦ વાગ્યે બુધવારીમાં ગયો હતો. એ દરમિયાન આઈસક્રીમ ખાવા માટે બાળક માતાનો હાથ છોડાવી દોડ્યું હતું. એ દરમિયાન ૧૨૦ ફૂટના રોડ પર ઢાંકણા વગરની ખુલ્લી ગટર હતી અને એમાં બાળક ઊંધા માથે પડ્યું હતું.

સ્થાનિકોએ પાલિકાની બેદરકારી સામે રોષ વ્યક્ત કર્યો હતો અને ચક્કાજામ કર્યો હતો. સ્થાનિકોની માંગ છે કે આવા બનાવો વારંવાર બનતા હોવાથી પાલિકા દ્વારા ખુલ્લા ગટરોને તાત્કાલિક બંધ કરવામાં આવે અને સુરક્ષાત્મક પગલાં ભરવામાં આવે.આ ઘટનાએ ફરી એકવાર શહેરોમાં ખુલ્લી ગટરોની સમસ્યાને ઉજાગર કરી છે. પાલિકા દ્વારા યોગ્ય પગલાં લેવામાં ન આવે તો આવા બનાવો ભવિષ્યમાં પણ બનતા રહેશે.

અમદાવાદમાં પિતાએ સગીર દિકરીને હવસનો શિકાર બનાવી

અમદાવાદ,તા.૬

અમદાવાદમાં પિતા પુત્રીના સંબંધોને શર્મસાર કરતો કિસ્સો સામે આવ્યો છે. નરાધમ પિતાએ પોતાની જ ૧૪ વર્ષની સગીર દીકરીને પોતાની હવસનો શિકાર બનાવી છે. મોટી વાત તો એ છે કે સગીર દીકરી ગર્ભવતી થતા તેણે બાળકીને જન્મ આપ્યો હતો જેને પગલે આ સમગ્ર મામલો સામે આવ્યો છે

દરિયાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી મહિલાએ પોતાના જ પતિ સામે ફરિયાદ નોંધાવી છે. મહિલાની ૧૪ વર્ષની દીકરીને પેટમાં દુખાવો થતાં સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા, જ્યાં તેણે એક બાળકીને જન્મ આપ્યો હતો. જેથી તેની સાથે આ દુષ્કૃત્ય કોણે કર્યું તે અંગે માતાએ પૂછતા સગીરાએ જે હકીકત જણાવી તે સાંભળી માતાનાં પગ નીચેથી જમીન ખસી ગઈ હતી. સગીર દીકરી પર દુષ્કર્મ ગુજારનાર અન્ય કોઈ નહિ પરંતુ તેના પિતા જ હતા. અંગે મહિલાએ હિંમત કરી અને દરિયાપુર પોલીસ સ્ટેશનમાં પતિ સામે ફરિયાદ નોંધાવી છે.

આ અંગે દરિયાપુર પોલીસ સ્ટેશનમાં પોકસો સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરાયો છે. સગીરાએ તેની માતાને હકીકત જણાવી હતી કે તેના પિતાએ છેલ્લા એક વર્ષથી અવારનવાર માતાની ગેરહાજરીમાં તેમજ મોડી રાત્રે સગીરાને શરીરે અડપલા કરી મોઢું દબાવી કપડાં કઢાવી ધાક ધમકીઓ આપતો હતો. તેણે સગીરાની મરજી વિરુદ્ધ વારંવાર તેની પર દુષ્કર્મ ગુજાર્યું હતું અને જેના કારણે તેને આ ગર્ભ રહી ગયો હતો. પિતા ડરાવી ધમકાવી તેની સાથે આ પ્રકારનું કર્યું કરતા હોવાથી સગીરા પોતે ડઘાઈ ગઈ હતી.

જેના કારણે તે માતાને નરાધમ પિતાની અસલિયત બતાવી શકતી ન હતી. પરંતુ અંતે સગીરાને ગર્ભ રહ્યો અને તેણે બાળકીને જન્મ આપતા નરાધમ પિતાની કરતૂત સામે આવી ગઈ છે.

સુરતમાં ડમ્પર અને ખાનગી બસ વચ્ચે અકસ્માતઃ એક મુસાફરનું મોત

સુરત,તા.૬

સુરતમાં ડમ્પર અને ખાનગી બસ વચ્ચે અથડામણની ઘટના સામે આવી છે.જેમાં એક મુસાફરનું મોત થયું છે. હજીરામાં અકસ્માત બાદ ડમ્પર અને બસ પલટી ગઈ હતી. આ અકસ્માત થયો ત્યારે ખાનગી કંપનીની બસમાં ૫૦ થી વધુ લોકો મુસાફરી કરી રહ્યા હતા. ઘટનાની માહિતી મળતાં જ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી અને તમામને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. હજીરા વિસ્તારમાં વહેલી સવારે એક ભયાનક અકસ્માત થયો હતો, જ્યારે બસ અને ડમ્પર સામસામે અથડાયા હતા, જેમાં એક વ્યક્તિનું સારવાર દરમિયાન મોત થયું હતું. ઉલ્લેખનીય છે કે અકસ્માત બાદ બસ અને બંને સામસામે અથડાયા બાદ પલટી મારી ગયા હતા જેના કારણે રોડ પર ટ્રાફિક જામ સર્જાયો હતો.

ખાસ વાત એ છે કે ઘટનાની જાણકારી મળતા જ આસપાસના લોકો મદદ માટે દોડી આવ્યા હતા અને ઘાયલોને બસમાંથી બહાર કાઢ્યા હતા. સાથે જ પોલીસે પણ આ ઘટનાની તપાસ શરૂ કરી છે. સમગ્ર ઘટનાની માહિતી મળતા જ પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. આસપાસના લોકો ઘાયલોને એમ્બ્યુલન્સમાં સારવાર માટે લઈ ગયા હતા. પોલીસે ઘાયલો સહિત તમામ લોકોના નિવેદન લીધા છે. કોઈને ગંભીર ઈજા થઈ નથી. જેમને નાની-મોટી ઈજાઓ થઈ હતી તેઓને સારવાર આપી રજા આપવામાં આવી હતી.

એલસીબી અને એસઓજીની ટીમે ચેન સ્નેચિંગ ગેંગના ૨ આરોપી ઝડપ્યા

વલસાડ,તા.૬

વલસાડ પોલીસે ચેન સ્નેચિંગની ઘટનાઓમાં સક્રિય એક મોટી ગેંગના બે સાગરિતોને ઝડપી પાડ્યા છે. એસપી કરનરાજ વાઘેલા અને ડીવાયએસપી બી.એન. દવેના માર્ગદર્શન હેઠળ એલસીબી અને એસઓજી ટીમે આ કામગીરી કરી છે.

વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનની હદમાં અતુલ વિસ્તારમાંથી રસ્તેથી પસાર થતી બે મહિલાઓના ગળામાંથી સોનાના ચેન આંચકી બાઈક સવારો ફરાર થઈ ગયા હતા. મહિલાઓએ બૂમાબૂમ કરતા લોકોએ બંને બાઈક સવારોને ઝડપવા પ્રયાસ કરતા તેઓએ દેશી તમંચા જેવું હથિયાર બતાવી અને લોકોને ધમકાવી ત્યાંથી ફરાર થઈ ગયા હતા. એક મહિનામાં જ હથિયારો બતાવી ચેંન શનેચિંગ ની બે ઘટનાઓ એક સમાન બનતા વલસાડ જિલ્લા પોલીસ દોડતી થઈ હતી.

આમ પોલીસને એક પછી ચેન સ્નેચિંગની ઘટનાઓ બનતા વલસાડ પોલીસે આ ગેંગને ઝડપવા પ્રયાસ હાથ ધર્યા હતા. આરોપીઓ સુધી પહોંચવા પોલીસે બંને ઘટના સ્થળે થી આસપાસના ૫૦૦ થી વધારે સીસીટીવી ચેક કર્યા હતા. અને હ્યુમન ઈન્ટેલિજન્સ સાથે બાતમીદારોનું નેટવર્ક સક્રિય કરી આ મામલે ઊંડાણપૂર્વક તપાસ કરી હતી. અને પોલીસને ગણતરીના સમયમાં જ સફળતા મળી હતી. વાપીના ડુંગરા વિસ્તારમાંથી આ ગુનાઓમાં વપરાયેલું એક બાઈક મળી આવ્યું હતું. વધુ તપાસ કરતા દેશી તમંચો પણ મળી આવ્યો હતો.

આથી પોલીસ આરોપીઓની માહિતી મળી હતી એ દરમિયાન વલસાડના ભીલાડ ચેકપોસ્ટ નજીકથી એક બાઈક પર પસાર થતા બે બાઈક સવારોને રોકી તપાસ કરતા તેમની પાસેથી દેશી તમંચા જેવું હથિયાર મળી આવ્યું હતું.

પૂછપરછ કરતા જિલ્લામાં ચેન સ્નેચિંગની બની રહેલી ગુનાઓનો ભેદ પોલીસને ઉકેલવામાં સફળતા મળી હતી. આરોપીઓ સૌપ્રથમ કોઈ બાઈકની ચોરી કરતા હતા અને ચોરીની બાઈક પર જ તેઓ ગુનાને અંજામ આપવા જતા હતા. અને લોકોને ડરાવવા ધમકાવવા તેઓએ ઉત્તર પ્રદેશથી દેશી તમંચા જેવું હથિયાર પણ મંગાવ્યું હતું. અને ઘટના વખતે લોકો પ્રતિકાર કરે તો આ દેશી તમંચા જેવા હથિયારો બતાવી લોકોને ડરાવી ધમકાવી અને ઘટના સ્થળે થી ફરાર થઈ જતા હોવાનું અત્યાર સુધીની તપાસમાં બહાર આવ્યું છે.

વડોદરામાં વિશ્વામિત્રી નદીના મગરોની વસ્તી ગણતરી કરાશે

૨૫ ટીમો બનાવવામાં આવી

વડોદરા, તા.૬

વન્ય પર્યાવરણ વિભાગ દ્વારા સ્થાપવામાં આવેલી સંસ્થા ગીર ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા વડોદરામાં વિશ્વામિત્રીમાં રહેલા મગરોની વસ્તી ગણતરી હાથ ધરનાર છે, જેના ભાગરૂપે વડોદરાના અકોટાના સરસયાજીનગર ગૃહ ખાતે વન વિભાગના અધિકારીઓ વિવિધ સંસ્થા ના વોલીએન્ટરોની બેઠક મળી હતી. હાલ વન વિભાગ વિવિધ એનજીઓ સહિતના અધિકારીઓ અને કર્મચારીઓ મળી ૨૫ ટીમ બનાવાઈ છે. જે ટીમ નદીના ૨૫ કિમી ના પટમાં મગરની વસ્તી ગણતરી કરશે.મગરોની ગણતરીની કામગીરી કોર્પોરેશન દ્વારા ગીર ફાઉન્ડેશનને આપવામાં આવી હતી અને ગીર ફાઉન્ડેશન જે ગાંધીનગરમાં આવેલી અને વન્ય પર્યાવરણ વિભાગ દ્વારા સ્થાપવામાં આવેલી સંસ્થા છે અને ગીર ફાઉન્ડેશને આ કામગીરી માટે ચીફ વોર્ડન સાથે સંપર્ક કર્યો હતો. તેમની સાથે ચર્ચા થયા મુજબ જે સામાજિક વનીકરણ વડોદરા અને સાથે સાથે વાઈલ્ડ લાઈફ ડિવિઝન નો સંપર્ક કરીને આ કામગીરીનું આયોજન કરવામાં આવ્યું છે. તેમના તરફથી પુરેપુરા સહકાર મળ્યો છે. સાથે સાથે વોલિયેન્ટર જે છે એની યાદી પણ સામાજિક વનીકરણ વડોદરા દ્વારા આપવામાં આવી હતી તે મુજબ જે ગ્રુપ છે તે મુજબ ટીમ બનાવી એનું આયોજન કરવામાં આવ્યું છે.કુલ ૨૫ ટીમ બનાવાઈ છે.જે ૨૫ કિમી જેટલી લંબાઈ નો નદીનો પટ છે. એમાં મગરની જે વસ્તી અંદાજિત છે તેની ગણતરી કરવામાં આવશે. તારીખ ૪ ના રોજ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું સાથે પ્રશ્નોત્તરી નું સેશન રાખવામાં આવ્યું હતું. આ મિટિંગમાં જે વિષયના નિષ્ણાંતો છે એ હાજર રહ્યા હતા. વડોદરા ફોરેસ્ટ ડિવિઝન વાઈલ્ડ લાઈફ ડિવિઝન અને સામાજિક વનીકરણનો સ્ટાફ એ પણ હાજર હતો. બંને ડિવિઝન ના સહકારથી અને ગીર ફાઉન્ડેશન સાથે રહીને આ કામગીરી જે છે એ પૂર્ણ કરવામાં આવશે. તારીખ ૫ અને ૬ ના રોજ આ કામગીરી હાથ ધરવામાં આવનાર છે. જેમાં ડે કાઉન્ટિંગ નાઈટ કાઉન્ટિંગ અને બંને કાઉન્ટિંગ પરથી જે ડેટા મળશે એનું એનાલિસિસ કરીને જે વસ્તી અંદાજ છે એ નક્કી કરવામાં આવશે. અમારા ફાઉન્ડેશન તરફથી પ્રથમ વખત થઈ રહી છે તેમ ગીર ફાઉન્ડેશન આર એન્ડ બી નાયબ નિયામક રિતેશ ગેહલોતે જણાવ્યું હતું.

સોનગઢ તાલુકાના સાંઢકુવા ગામમાં ૨૪થી વધુ વિદ્યાર્થીઓને ફૂડ પોઈઝનિંગની અસર

તાપી,તા.૬

તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના સાંઢકુવા ગામમાં પ્રાથમિક શાળા ખાતે ૨૪ થી વધુ વિદ્યાર્થીઓને ફૂડ પોઈઝનિંગની અસર થઈ છે. વિદ્યાર્થીઓને ખોરાકના કારણે આરોગ્યમાં લથડ્યું છે, જેના કારણે તેઓને ઊલટીઓ અને મલ્ટી-સિસ્ટમ રિએક્શનનો સામનો કરવો પડી રહ્યો છે.

મળતી માહિતી અનુસાર, તાપીના સોનગઢ તાલુકાના સાંઢકુવા ગામે ૨૪થી વધુ વિદ્યાર્થીઓને ફૂડ પોઈઝનિંગની અસર થઈ છે. વિદ્યાર્થીઓને ફૂડ પોઈઝનિંગની અસર થતા તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્ય છે, સોનગઢ તાલુકાના સાંઢકુવા ગામમાં જિલ્લા પંચાયત હસ્તકની સરકારી સાંઢકૂવા પ્રાથમિક શાળામાં આજે બાળકોને જમવાના કોઈ કારણોસર ફૂડ પોઈઝનિંગની અસર થઈ છે. બાળકોને ઊલટીઓ થતા શાળા તંત્ર દોડતું થયું હતું. તમામ બાળકોને વ્યારાની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા અને સારવાર ચાલી રહી છે.

જિલ્લા પંચાયત હસ્તકની સાંઢકુવા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓમાં ફૂડ પોઈઝનિંગની અસર વધતા જ શાળા તંત્ર દોડતું થયું. તરત જ તમામ બાળકોને આરોગ્યની તાત્કાલિક સારવાર માટે વ્યારાની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ ઘટના અંગે તંત્ર દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે, અને પીણાં અને ખોરાકમાં કોઈ પ્રકારનો દૂષણ હોવાની શંકા લગાવાઈ રહી છે.

હર્ષિત રાણા ડેબ્યૂમાં એક ઓવરમાં સૌથી વધુ રન આપનાર ભારતીય બોલર બન્યો

નાગપુર,તા.૬

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની વનડે શ્રેણી નાગપુરમાં શરૂ થઈ ગઈ છે. પ્રથમ વનડેમાં ઈંગ્લેન્ડના કેપ્ટન જોસ બટલરે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. આ પહેલા, ટીમ ઈન્ડિયાના બે યુવા ખેલાડીઓને ડેબ્યૂ કેપ્સ આપવામાં આવી હતી. ટી ૨૦ અને ટેસ્ટમાં સારું પ્રદર્શન કરનારા યશસ્વી જયસ્વાલ અને હર્ષિત રાણાને વનડે ડેબ્યૂ કરવાની તક મળી. હર્ષિત રાણાએ પોતાના વનડે ડેબ્યૂમાં જ પોતાની ત્રીજી ઓવરમાં ૨૬ રન આપીને શરમજનક રેકોર્ડ બનાવ્યો. આમ તે વનડે ડેબ્યૂમાં એક ઓવરમાં સૌથી વધુ રન આપનાર ભારતીય બોલર બન્યો.

હકીકતમાં, ટોસ હાર્યા બાદ, ભારતીય કેપ્ટન રોહિત શર્માએ ડેબ્યુટન્ટ હર્ષિત રાણાને મોહમ્મદ શમી સાથે બોલિંગ ખોલવાની જવાબદારી સોંપી. શમીએ પહેલી ઓવર નાખી અને પછી હર્ષિત રાણા તેની ડેબ્યૂ મેચમાં પહેલી ઓવર નાખવા આવ્યો જેમાં તેણે ૧૧ રન આપ્યા.

આ પછી, રાણાએ બીજી ઓવરમાં એક રન આપ્યો. જોકે, તેની ત્રીજી ઓવરમાં રનનો વરસાદ થયો. આ ઓવરમાં હર્ષિત રાણાનો સામનો ફિલ સોલ્ટ સાથે થયો હતો. સોલ્ટે આ ઓવરમાં ત્રણ છગ્ગા અને બે ચોગ્ગા ફટકારીને કુલ ૨૬ રન બનાવ્યા. આ સાથે, તે પોતાની ડેબ્યૂ વનડે મેચમાં એક ઓવરમાં સૌથી વધુ રન આપનાર ભારતીય બોલર બન્યો. જોકે, આ શરમજનક ઓવર પછી, હર્ષિત રાણાએ શાનદાર વાપસી કરી અને પોતાની ચોથી ઓવરમાં ૨ વિકેટ લઈને સનસનાટી મચાવી દીધી.

હર્ષિત રાણાએ પહેલા પોતાની ચોથી ઓવરમાં બેન ડકેટની વિકેટ લીધી અને પછી હેરી બ્રુકને શૂન્ય રને આઉટ કર્યો. આ પછી, લિયામ લિવિંગસ્ટોન ૫ રનના વ્યક્તિગત સ્કોર પર આઉટ થયો. આ રીતે હર્ષિત રાણાએ ભારતીય વનડે ક્રિકેટના ઈતિહાસમાં એક મોટો ચમત્કાર કર્યો. હકીકતમાં, હર્ષિત રાણા ત્રણેય ફોર્મેટમાં પોતાની ડેબ્યૂ મેચમાં ૩ વિકેટ લેનાર પ્રથમ ભારતીય બોલર બન્યો છે. આ પહેલા, તેણે ઓસ્ટ્રેલિયામાં પોતાના ટેસ્ટ ડેબ્યૂમાં ૪૮ રન આપીને ૩ વિકેટ લીધી હતી, જ્યારે પુણેમાં પોતાના ૨ઠેં ડેબ્યૂમાં, તેણે ૩૩ રન આપીને ૩ વિકેટ લીધી હતી. હવે તેણે ઠ્ઠેં ડેબ્યૂમાં જ આ સિદ્ધિ મેળવીને એક નવો ઈતિહાસ રચ્યો છે.

ત્રણેય ફોર્મેટમાં પોતાના ડેબ્યૂમાં હર્ષિત રાણાનું પ્રદર્શન

ટેસ્ટઃ ૩/૪૮ વિરુદ્ધ ઓસ્ટ્રેલિયા, પર્થ

ટી૨૦આઈઃ ૩/૩૩ વિરુદ્ધ ઈંગ્લેન્ડ, પુણે

વનડેઃ ૩/૫૩ વિરુદ્ધ ઈંગ્લેન્ડ, નાગપુર

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આયોજિત છ મહાનગર પાલિકા વચ્ચેની ક્રિકેટ ટુર્નામેન્ટ નો પ્રારંભ

સુરત મેયર ઈલેવન સામે જામનગરની ટીમનો ઝળહળતો વિજય

(નયના દવે દ્વારા)જામનગર

ગુજરાત રાજ્ય ની દરેક મહાનગરપાલિકાની મેયર ઈલેવન તથા કમિશ્નર ઈલેવનની ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટનો પ્રારંભ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ના હસ્તે કરાવવામાં આવ્યો

જામનગરની મેયર ઈલેવન તથા સુરત મેયર ઈલેવન વચ્ચે પ્રથમ મેચ રમાયો હતો. જેમાં પ્રથમ ઈનિંગમાં જામનગર મેયર ઈલેવન દ્વારા કુલ ૧૭૪ રન કરવામાં આવ્યા હતા. જેમાં ધવલભાઈ નંદા (૫૫ રન), કેતનભાઈ નાખવા (૪૬ રન), જયરાજસિંહ જાડેજા (૧૩ રન), તથા અલ્તાફભાઈ ખફિએ ૧૧ રન બનાવ્યા હતા.

જેની સામે સુરત મેયર ઈલેવન ૮૩ રનમાં ઓલઆઉટ થઇ હતી. જેમાં જામનગર મેયર ઈલેવન દ્વારા બોલીંગમાં જયરાજસિંહ જાડેજા ૩ વિકેટ, તપનભાઈ પરમાર ૩ વિકેટ, જીતેશભાઇ શિંગાળા ૨ વિકેટ, અને દિવ્યેશભાઈ અકબરી તથા આનંદભાઈ રાઠોડ ૧-૧ વિકેટ મેળવી સુરત મેયર ઈલેવન સામે ૯૧ રનથી વિજય મેળવ્યો હતો.આ મેચમાં મૅન ઓફ થી મેચ જયરાજસિંહ જાડેજા ને જાહેર કરવામાં આવ્યા.

જામનગર મેયર ઇલેવનમાં મેયર વિનોદભાઈ ખીમસૂર્યા તથા ટીમના મેનેજર અને માન ચેરમેનશ્રી સ્ટે.કમિટી નીલેશભાઈ કગથરા, શ્રી કેતનભાઈ નાખવા (કેપ્ટન), આનંદભાઈ રાઠોડ(વાઈસ કેપ્ટન),ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, આશિષભાઈ જોષી, ગોપાલભાઈ સોરઠીયા, ધર્મરાજસિંહ જાડેજા, જયરાજસિંહ જાડેજા, મનીષભાઈ કટારીયા, જીતેશભાઈ શિંગાળા, તપનભાઈ પરમાર, પાર્થભાઈ કોટડીયા, પાર્થભાઈ જેઠવા, ધવલભાઈ નંદા. અલ્તાફભાઈ ખફી, રાહુલભાઈ બોરીચા વગેરે જામનગર મેયર ઈલેવન ટીમના પ્લેયર તરીકે જોડાયા છે.

પંચમહાલના ગોધરા શહેરમાં ખાદ્ય તેલની દુકાનમાં સેન્ટ્રલ જીએસટીના દરોડા

પંચમહાલ,તા.૬

પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં સ્ટેશન રોડ પાસે આવેલી એક ખાદ્ય તેલની દુકાનમાં સેન્ટ્રલ જીએસટી વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે. ભરત મહેતા નામના વેપારીની માલિકીની આ દુકાનમાં ૪ સભ્યોની ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, પંચમહાલ ગોધરામા સેંટ્રલ જીએસટી વિભાગે દરોડા પાડ્યા છે. સ્ટેશન રોડ છ પાસે આવેલી ખાદ્ય તેલની દુકાનમા દરોડા કરવામાં આવ્યા છે. ભરત મહેતા નામના વેપારીના ત્યા ચાર(૪) સભ્યોની ટીમે તપાસ હાથ ધરી છે. વેપારીને ત્યા શંકાસ્પદ વહેવારો સામે આવવાની શક્યતા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, શંકાસ્પદ વ્યવહારો સામે આવવાની શક્યતાને પગલે આ દરોડા પાડવામાં આવ્યા છે.જીએસટી વિભાગની ટીમ દ્વારા લેપટોપ સહિતના દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી રહી છે, તેમજ બિલ બુક, સ્ટોક રજિસ્ટર અને અન્ય જરૂરી દસ્તાવેજોની પણ તપાસ હાથ ધરવામાં આવી છે. આ દરોડા દરમિયાન વેપારીના હિસાબો અને દસ્તાવેજોની ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે, જેથી કોઈ ગેરરીતિ જણાય તો તેના પર યોગ્ય કાર્યવાહી કરી શકાય છે. હાલમાં તપાસ ચાલુ છે અને વધુ વિગતો તપાસ પૂર્ણ થયા બાદ માહિતી મળશે.

નાગપુર વનડેમાં ત્રણ વિકેટ ખેરવી જાડેજાએ આંતરરાષ્ટ્રીય ૬૦૦ વિકેટ પૂરી કરી

નાગપુર, તા.૬

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે નાગપુર ખાતે પહેલી વનડે મેચ રમાઈ રહી છે. આ મેચમાં ઈંગ્લેન્ડે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પહેલા બેટિંગ કરીને ઈંગ્લેન્ડની ટીમે ૨૪૮ રન કરી ઓલઆઉટ થઇ ગઈ હતી. ભારત તરફથી જાદુઈ સ્પીનર રવીન્દ્ર જાડેજાએ તરખાટ મચાવ્યો હતો. ૩ વિકેટ લીધા બાદ જાડેજાએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એક ખાસ રેકોર્ડ બનાવ્યો હતો.

અ મેચમાં રવીન્દ્ર જાડેજાએ ૯ ઓવરમાં માત્ર ૨૬ રન આપીને ૩ વિકેટ ઝડપી હતી. આ દરમિયાન તેણે રૂટ, જેકેબ બેથમ અને આદિલ રાશિદને પવેલિયનભેગા કરી દીધા હતા. ૩ વિકેટ ઝડપીને જાડેજાએ પોતાની ૬૦૦ આંતરરાષ્ટ્રીય વિકેટ પૂરી કરી હતી. આ સાથે જ જાડેજા ૬૦૦થી વધુ વિકેટ ઝડપનાર છઠ્ઠો ભારતીય બોલર બની ગયો હતો.

ઈંગ્લેન્ડના સ્ટાર બોલર જો રૂટની લાંબા સમય બાદ વનડે ટીમમાં વાપસી થઈ હતી. પરંતુ મેચમાં રૂટ કંઈ ખાસ પ્રદર્શન કરી શક્યો ન હતો. આ મેચમાં રૂટ ૩૧ બોલમાં માત્ર ૧૯ રન બનાવીને આઉટ થઈ ગયો હતો. જાડેજાએ વનડે ક્રિકેટમાં જો રૂટને ૧૨મી વખત આઉટ કર્યો હતો. આ સિવાય ઓસ્ટ્રેલિયાના સ્ટીવ સ્મિથને જાડેજા ૧૧મી વખત વનડે ક્રિકેટમાં આઉટ કરી ચૂક્યો છે. ભારત તરફથી શાનદાર બોલિંગ કરતા હર્ષિત રાણાએ ત્રણ વિકેટ ઝડપી હતી.

સુસરા પરિવારના આંગણે આજે ત્થા કાલે લગ્નોત્સવ

રાજકોટ: અહીની આર.ટી.ઓ. કચેરી પાછળ રહેતા અને મોમાઈ ટી એન્ડ પાન સ્ટોલ લીમડા ચોક, માર્કેટીંગ યાર્ડ, ત્રીકોણ બાગવાળા નથુભાઈ એસ. સુસરા પરિવારના પોપટભાઈ, કાનાભાઈ મસાભાઈ ત્થા ધુધાભાઈની પુત્રીઓ હેતલ, કોમલ રવિના અને ભારતીના શુભલગ્નો આજે શુક્રવારે સંતકૃપા, શ્રીરામ સોસા., માર

જામનગરઃ પડાણા નજીક કાર- ટ્રક અને કેરિયર રીક્ષા વચ્ચે અકસ્માતમાં બે યુવાનોના મોત

જામનગરના પૂર્વ વિપક્ષી નેતા અસલમ ખીલજી સહિતના અગ્રણીઓ જી.જી. હોસ્પિટલે દોડી ગયાઃ પડાણા પોલીસ ટીમે કરી કાર્યવાહિ

(નયના દવે દ્વારા)

જામનગર,તા.૫

જામનગર- ખંભાળિયા ધોરી માર્ગ પર પડાણા પાટીયા પાસે મોડી સાંજે ટ્રક કાર અને કેરિયર રિક્ષા વચ્ચે ત્રીપલ અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં જામનગરના વતની પટણીવાડ વિસ્તારના બે યુવાનોના અંતરિયાળ મૃત્યુ નિપજતાં ભારે માતમ છવાયો છે. જામનગર મહાનગરપાલિકાના પૂર્વ વીપક્ષી નેતા અસલમ ખીલજી સહિતના અગ્રણીઓ જી.જી. હોસ્પિટલે દોડી ગયા હતા. સમગ્ર મામલે મેઘપર-પડાણા પોલીસ ટુકડી તપાસ ચલાવી રહી છે.

આ અકસ્માતના બનાવની વિગત એવી છે જામનગર ના પૂર્વ વિરોધ પક્ષના નેતા અને કોર્પોરેટર અસલમ ખીલજી કે જેના નિકટવર્તી સગા સંબંધી સોહીલ વલીભાઈ શેખ (ઉંમર વર્ષ ૩૦) અને હાજી કાસમ ભાઈ (ઉ.વ.૨૭) કે જેઓ બંને જામનગરથી જી.જે.૧૦ ટી.ઝેડ.૧૮૮૯ નંબરની કેરિયર રિક્ષામાં માલ સામાન ભરીને જામનગર થી પડાણા તરફ જઈ રહ્યા હતા, જે દરમિયાન સાંજે ૭.૧૫ વાગ્યાના અરસામાં પડાણા પોલીસ સ્ટેશન પાસે જી.જે. ૧૦ ટી.વાય. ૬૬૯૫ નંબરના ટ્રક તેમજ જીજે-૩ એમ.બી. ૪૦૦૪ નંબરની કાર વચ્ચે ત્રીપલ અકસ્માત સર્જાયો હતો.

અકસ્માત એટલો ભયંકર હતો, કે ત્રણેય વાહનો એકબીજા સાથે ધડાકાભેર ટકરાયા હતા, જેમાં કેરિયર રિક્ષાનું પડીકુ વળી ગયું હતું, અને તેમાં બેઠેલા બંને જામનગરના યુવાનો સોહિલ વલીભાઈ શેખ (ઉ.વ.૩૦) તેમજ હાજી કાસમ ભાઈ (ઉંમર વર્ષ ૨૭) બન્ને ગંભીર સ્વરૂપે ઘાયલ થયા હતા અને તેઓને ૧૦૮ નંબરની એમ્બ્યુન્સ મારફતે સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવ્યા હતા, પરંતુ જ્યાં ફરજ પરના તબીબે બંનેને મૃત્યુ પામેલા જાહેર કર્યા હતા.

આ અકસ્માતના બનાવની જાણ થતાં મૃતકના નિકટવર્તી એવા જામનગરના વોર્ડ નંબર ૧૨ ના કોર્પોરેટર અસલમ ખીલજી તેમજ પટણી સમાજના અન્ય યુવાનો મોટી સંખ્યામાં જી.જી. હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને ભારે માતમ છવાયો હતો.

સમગ્ર અકસ્માતના બનાવની જાણ થતાં મેઘપર પોલીસ સ્ટેશન નો સ્ટાફ સૌપ્રથમ ઘટના સ્થળે, અને ત્યારબાદ જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દોડી ગયો હતો, અને બન્ને મૃતદેહોનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે, જયારે આ અકસ્માતના બનાવ મામલે ફરિયાદ નોંધવા માટેની કાર્યવાહી હાથ ધરી છે.

જામનગરઃ ભાણવડના કોન્ટ્રાકટર અને તેના પિતરાઈ ભાઈ પર હુમલો

કાર અથડાવવા જેવી સામાન્ય બાબતમાં ત્રણ અજાણ્યા શખ્સોએ છરી વડે હુમલો કર્યાની પોલીસ ફરિયાદ

(નયના દવે દ્વારા)

જામનગર,તા.૬

મૂળ ભાણવડ તાલુકાના કાટકોલા ગામમાં રહેતા અને કોન્ટ્રાક્ટર તરીકેનો વ્યવસાય કરતા પરબતભાઈ દેવશીભાઈ આહિર (૩૬) પોતાના મામા દીકરા એવા પિતરાઈ ભાઈ અમિત ગાગલીયા સાથે ભાણવડથી જામનગરમાં ખોડીયાર કોલોની વિસ્તારમાં આવ્યા હતા, અને એક બેકરીમાં નાસ્તો કરીને બહાર નીકળી રહ્યા હતા. જે દરમિયાન સફેદ કલરની બલેનો કાર આવીને અમિતના હાથ સાથે ટકરાઈ હતી. જેથી કારચાલકને રોકાવીને કાર અથડાવવા અંગેનું કહેવા જતાં જીભાજોડી થઈ હતી, અને કારમાંથી ત્રણ શખ્સો એ ઉતરીને પરબતભાઈ તેમજ અમિત પર છરી વડે હુમલો કરી દીધો હતો, જેના કારણે પરબતભાઈ ને થાપાના ભાગે છરી વાગવાથી સાત ટાંકા લેવા પડ્યા હતા, તેમ જ અમિતને પણ ઇજા થઈ હતી.

આખરે આ મામલો સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો હતો, અને પરબતભાઈ આહિર દ્વારા ત્રણ અજાણ્યા શખ્સો સામે હુમલા અંગેની ફરિયાદ નોંધાવતાં પોલીસે કારના રજીસ્ટ્રેશન નંબર ના આધારે આરોપીને શોધી કાઢવા માટે સીસીટીવી કેમેરા ની મદદ લીધી છે.

રાજકોટઃ જી.એસ.ટી. કૌભાંડમાં સૂત્રધારના જામીન મંજૂર

જીએસટીનો કાયદો સ્પેશિયલ એક્ટ છે જેમાં પોલીસ એફઆઈઆર દાખલ કરી જેલમાં રાખી શકે નહીં, એડવોકેટ તુષાર ગોકાણીની દલીલો હાઈકોર્ટે માન્ય રાખી

રાજકોટ તા.૬

દેશભરમાં ચકચારી પત્રકાર મહેશ લાંગાના કરોડોના જી.એસ.ટી. બિલિંગ કૌભાંડમાં રાજકોટના મુખ્ય સૂત્રધારના જામીન હાઇકોર્ટે મંજૂર કર્યાં છે. જીએસટીનો કાયદો સ્પેશિયલ એક્ટ છે જેમાં પોલીસ એફઆઈઆર દાખલ કરી વ્યક્તિને જેલમાં રાખી શકે નહીં તેવી એડવોકેટ તુષાર ગોકાણીની દલીલો હાઇકોર્ટે માન્ય રાખી છે.

આ કેસની વિગત મુજબ, રાજકોટના ડી.સી.બી. પોલીસ મથકે જી.એસ.ટી.ના બે અધિકારીઓએ નોંધાવી બે અલગ અલગ ફરીયાદોમાં જણાવેલ હતુ કે ક્રિષ્ના એન્ટરપ્રાઈઝ નામની પેઢી તથા પરમાર એન્ટરપ્રાઈઝ નામની બીજી પેઢીએ બનાવટી દસ્તાવેજોના આધારે ખોટી રીતે રજીસ્ટ્રેશન મેળવી કોઈ પણ પ્રકારનો માલ સપ્લાય કર્યા વિના ખોટા બીલો બનાવી વિવિધ પેઢીઓને ઈનપુટ ટેકસ ક્રેડીટ ગેરકાનુની રીતે મેળવવામાં કાવતરૂ રચી મદદગારી કરેલ છે. પોલીસ તપાસ દરમ્યાન જણાયેલ હતુ કે બંને મુળ પેઢીઓના માલિકોએ તબલાવાદક જેવા ગરીબ માણસોના આધાર અને પાનકાર્ડ મેળવી જી.એસ.ટી. હેઠળ રજીસ્ટ્રેશન કરાવેલ છે. ત્યારબાદ આ બંને પેઢીઓએ બંને કેસોમાં ૧૫ થી વધારે બીલો બનાવી અલગ અલગ પેઢીઓને આપેલ છે જે દરમ્યાન કોઈ જ માલ વેચાણથી આપવામાં આવેલ નથી. જે પેઢીઓના નામના બીલ બનેલ છે તે પેઢીઓએ બંને મુળ પેઢીઓને ચેકથી કરોડોની રકમ ચુકવેલ છે. ત્યારબાદ આ પેઢીઓએ ઈનપુટ ટેક્સ ક્રેડીટ હેઠળ કરોડોની રકમ જી.એસ.ટી. ડીપાર્ટમેન્ટ પાસેથી પરત મેળવેલ છે. તપાસ દરમ્યાન જણાયેલ હતુ કે બંને મુળ પેઢીઓએ બીજી ૧૫ પેઢીઓને દોઢ વર્ષ દરમ્યાન ફકત એક જ વખત બીલો આપેલ છે. આ ગુનામાં આર. કે. એન્ટરપ્રાઈઝ નામે સાધુવાસવાણી રોડ પર પેઢી ધરાવતા આરોપી રેનીશ મનસુખભાઇ ચાંગેલાએ સેશન્સ કોર્ટમાં જામીન રદ થયાં પછી હાઇકોર્ટમાં એડવોકેટ તુષાર ગોકાણી મારફત હાઇકોર્ટમાં જામીન અરજી કરી હતી. જેઓએ આરોપીઓ તરફે રજુઆત કરેલી કે, આરોપી સામે ફકત જી.એસ.ટી. કાયદા હેઠળ ફોજદારી કેસ થઈ શકે. જેમાં તેઓને ૩ વર્ષથી ઓછી સજાની જોગવાઈ છે. તેથી જામીન મુકત કરવા જોઈએ. જી.એસ.ટી. કાયદા હેઠળ ગુનો બનતો હોય ત્યારે ભારતીય ફોજદારી સંહિતા હેઠળ બનાવટી દસ્તાવેજો ઉભા કર્યાની કલમો લાગુ કરી શકાય નહી. જીએસટીનો કાયદો સ્પેશિયલ એક્ટ છે. જેમાં પોલીસ એફઆઈઆર દાખલ કરી વ્યક્તિને જેલમાં રાખી શકે નહીં. એડવોકેટ તુષાર ગોકાણીની દલીલો માન્ય રાખી હાઇકોર્ટ દ્વારા આરોપીઓ રેનીશ ચાંગેલાને જામીન મુક્ત કરવા હુકમ કર્યો છે. આ કેસમાં આરોપી વતી રાજકોટના ખ્યાતનામ ધારાશાસ્ત્રી તુષાર ગોકાણી, રીપન ગોકાણી, પ્રતિક જસાણી, કેવલ પટેલ, હાર્દિક શેઠ, ઉઝેર કુરેશી, જશપાલસિંહ જાડેજા, યશ વૈષ્ણવ, વિરમ ધ્રાંગીયા, નદિમ ધંધુકિયા, વિશાલ કૌશીક, ભુમિકા નંદાણી રોકાયેલ હતા.

જામનગરઃ યુવાનનું વીજશોકથી મોત

કબુતરને વિજ પોલ પરથી નીચે ઉતારવા જતી વેળાએ અકસ્માતે વીજ આંચકો લાગ્યો, નીચે પટકાતા મોત

(નયના દવે દ્વારા)

જામનગર,તા.૬

જામનગર માં ગોકુલ નગર નજીક શિવનગર વિસ્તારમાં એક યુવાનને પોતાના જ પાડેલા કબૂતરને વીજ પોલ પરથી નીચે ઉતારવા જતાં મોત મળ્યું છે. વીજ આંચકો લાગવાથી નીચે પટકાઈ પડતાં ગંભીર ઈજા થવાના કારણે મૃત્યુ નિપજ્યું હતું.

આ બનાવની વિગત એવી છે કે જામનગરના ગોકુલ નગર નજીક શિવ નગર વિસ્તારમાં રહેતો શનિ ભાણજીભાઈ ગુજરીયા નામનો ૨૨ વર્ષનો યુવાન કે જેણે કબૂતર પાડેલા હતા, અને પોતાનો પાળેલું એક કબૂતર નજીકના વિસ્તારમાં આવેલા વિજ થાંભલા પર બેઠેલું હતું, જેને ગઈકાલે મોડી સાંજે ઉતારવા જતાં અકસ્માતે વીજ આંચકો લાગ્યો હતો, અને નીચે પટકાઈ પડવાના કારણે હેમરેજ થઈ જતાં તેનું બનાવના સ્થળેજ મૃત્યુ નિપજ્યું હતું.

આ બનાવ અંગે મૃતકની માતા મંગુબેન ભાણજીભાઈ ગુજરીયા એ પોલીસને જાણ કરતાં પી.એસ.આઇ.આર કે ખલીફા બનાવના સ્થળે પહોંચી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી સમગ્ર બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવ ને લઈને મૃતક ના પરિવારમાં ભારે શોક મગ્ન વાતાવરણ બન્યું છે.

ભાણવડ નજીક બાઈક પરથી નીચે પટકાતા વૃદ્ધનું મોત

(નયના દવે દ્વારા)

જામનગર,તા.૬

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના ધારાગઢ ગામમાં રહેતા અબુભાઈ ઓસમાણભાઈ મુન્દ્રા નામના ૬૫ વર્ષના સંધિ જ્ઞાતિના બુઝુર્ગ કે જેઓ પોતાનું બાઈક લઈને ખંભાળિયા થી લાલપુર તાલુકાના બબરજર ગામ તરફ જઈ રહ્યા હતા. જે દરમિયાન રસ્તામાં એકાએક બાઈક સ્લીપ થઈ ગયું હતું, જે અકસ્માતમાં તેઓને માથાના ભાગે હેમરેજ સહિતની ઇજા થઈ હોવાથી બેશુદ્ધ અવસ્થામાં સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેઓનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કરાયું હતું. આ બનાવ અંગે મૃતકના નાના ભાઈ ઈશાભાઈ ઓસમાણભાઈ સંધિએ પોલીસને જાણ કરતાં લાલપુર પોલીસે હોસ્પિટલમાં દોડી જઇ મૃતદેહનો કબજો સંભાળ્યો છે અને વધુ તપાસ હાથ ધરી છે.

વિછીયાઃ સરકારી નોકરી આપવાના બહાને બે બેરોજગારો સાથે ૧૦ લાખની ઠગાઈ

સમાજ જાગૃતતાના કાર્યક્રમમાં ભેટો થયેલા અમદાવાદીએ ગાંધીનગર સચિવાલયમાં સેટિંગ હોવાનું કહી છેતરપિંડી કરી

રાજકોટ તા.૬

વિછીયા તાલુકાના ખારચીયા ગામના યુવાન સહિત બે રોજગારો સાથે અમદાવાદના યુવાને આરોગ્યમના મેલેરીયા વિભાગમાં નોકરી અપાવી દેવાના બહાને રૂપિયા દસ લાખની છેતરપિંડી આચાર્ય અંગેની વિછીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. વધુ વિગત મુજબ તાલુકાના ખારચિયા ગામે રહેતા રમેશ નશાભાઈ પંચાળા નામના યુવાને મૂળ બાવળા તાલુકાના કેચરડી ગામનો વતની અને હાલ અમદાવાદના રામોલ રોડ પર રહેતા રણજીત મનુભાઈ સોલંકી એ નોકરી અપાવી દેવાના બહાને બેરોજગારો સાથે રૂપિયા દસ લાખની છેતરપિંડી આચાર્ય અંગેની ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે વિછીયાના બોટાદ રોડ પર આવેલી કોળી સમાજ ભવન ખાતે સમાજ જાગૃતિના કાર્યક્રમમાં આવતા હતા જેથી રણજીતભાઈ ને સાથે ઓળખાણ થઈ હતી

બાદ હું મેલરીયા વિભાગની પરીક્ષા ની તૈયારી કરતો હોય તે રણજીતભાઈ રમેશભાઈ પંચાલાને એકાંતમાં બોલાવી તમારે પરીક્ષા પાસ કરવી હોય તો પાંચ લાખ રૂપિયા આપવા પડશે અને ગાંધીનગર સારા છેડા છે અને હું તમારું ચેટિંગ કરાવી આપીશ હાથી રમેશભાઈ પંચાલ અને તેના મિત્ર હસમુખભાઈ પરસોત્તમભાઈ ગોહેલ બંને ફોન પણ વાત કરી બાદ બાવળા માર્કેટિંગ યાર્ડ ખાતે બોલાવેલા હતા ત્યાં તમારે પરીક્ષામાં સેટિંગ કરવું હોય તો પાંચ પાંચ લાખ રૂપિયા આપવા પડશે અને એડવાન્સમાં ટોકન પેટે ૧.૫૦ લાખ આપવા પડશે તેવી વાત કરી હતી. પીએમ આંગણીયા મારફતે આઠ લાખ રૂપિયા મોકલ્યા તને બે લાખ રૂપિયા મિત્ર દીપકભાઈ ના બેન્ક ખાતા મારફતે મોકલી આપ્યા હતા. બાદ પરીક્ષા પૂર્ણ થયા બાદ મેરીટમાં નામ ન આવતા જાણ કરતા એક મહિના પછી તમારું નામ આવી જશે તેમ કહ્યું હતું. બાદ રણજીતભાઈ થોડા દિવસ રાહ જુઓ થોડો સમય રાહ જોયા બાદ દસ લાખ પરત માગતા રણજીતભાઈ પાંચ પાંચ લાખના બે ચેક આપ્યા હતા જેથી બંને ચેકો બેંકમાંથી વગર વસુલાતે પરત પત્તા વીંછીયા ની અદાલતમાં ચેક રીટર્ન અંગેની ફરિયાદ દાખલ કરી હતી અને આજ સુધી પૈસા પરત ન આપતા અંતે વિછીયા ની પોલીસ મથકમાં રણજીત મનુ સોલંકી વિરુદ્ધ છેતરપિંડી સહિતની કલમ હેઠળ ફરિયાદ નોંધાવી હતી પોલીસે ગુનો નોંધી રણજીત સોલંકી ની શોધ ખોળા ધરી છે આ ઉપરાંત અનેક ગીર સોમનાથ સહિત અનેક પંથકના યુવાનોને શિકાર બનાવ્યા અંગેની જાણવા મળેલ છે.

સાયલા નજીક પિસ્તોલ સાથે દેવા કલોત્રા ઝડપાયો

એસઓજીએ દરોડો પાડી લોડેડ હથિયાર મળી ૨૦,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો

રાજકોટ તા.૬

સુરેન્દ્રનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ગેરકાયદે હથિયારો શોધી કાઢવા જિલ્લા પોલીસ વડા ડો. ગીરીશ પંડ્યા એ આપેલી સૂચનાને પગલે એસસોજીના પીઆઇ બી.એચ સિંગરખીયા સહિતના સ્ટાફે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું ત્યારે સાયલા તાલુકાના ધાંધલપુર ગામે રહેતો દેવા ભીમશી કલોતરા નામના શખ્સ પાસે લાયસન્સ વગરનું હથિયાર હોવાની કોન્સ્ટેબલ રવિરાજભાઈ ખાચરને મળેલી બાતમીના આધારે પીએસઆઇ એન એચ ચુડાસમા અને હેડ કોન્સ્ટેબલ અમરભા ગઢવી સહિતના સ્ટાફે દરોડો પાડી દેવા ભીમશી કલોતરાની અટકાયત કરી તેના કબજામાંથી તેની દેશી બનાવટની પિસ્તોલ અને એક જીવતું કાર્ટિસ્ટ મળી આવતા પોલીસે દેવા કલોતરા ની ધરપકડ કરી રૂપિયા ૨૦,૦૦૦ નો મુદ્દામાં કબજે કરી આ હથિયાર કોની પાસેથી લાવ્યો અને શું કામ રાખતો હતો તે મુદ્દે તપાસનો ધમધમાટ આદર્યો છે.

જુનાગઢઃ ફાયનાન્સ કંપનીને કાર્યવાહી કરતા અટકાવવા માંગેલો મનાઈ હુકમ નામંજૂર

રાજકોટ તા.૬

ફાયનાન્સ કંપનીને કાયદેસરની કાર્યવાહી કરતી અટકાવવા કરેલ મનાઈ હુકમની અરજી જુનાગઢ કન્ઝયુમર કોર્ટે નામંજૂર કરી છે.આ કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આઇસીઆઈસી હોમ ફાયનાન્સ કંપની લિમિટેડ પાસેથી પ્રકાશભાઇ જગજીવનભાઈ જોશી એ વર્ષ ૨૦૧૮માં દસ વર્ષની અવધિ માટે હોમ લોન લીધેલ. આ સાથે આઇસીઆઈસી પ્રૂડનસિયલ લાઇફ ઈન્સ્યોરન્સમાંથી વીમો પણ ઉતરાવેલ. લોન લેનાર પ્રકાશભાઇ ૨૦૨૩માં અવસાન પામે છે. આથી ગુજરનાર પ્રકાશભાઈના પરિવારના સભ્ય દ્વારા ફાયનાન્સ કંપની અને ઇન્સ્યોરન્સ કંપની વિરુધ્ધ જુનાગઢ ગ્રાહક સુરક્ષા ફોરમ સમક્ષ કેસ દાખલ કરવામાં આવેલ. આ કેસ દરમિયાન અરજદાર દ્વારા આંક-૫થી લોનના હમા ન ભરવા વચગાળાનો મનાઈ હુકમ ફરમાવવાની દાદ માગવામાં આવેલ. પરંતુ ફાયનાન્સ કંપની તફથી રોકાયેલા વકીલ અભિષેક એન. શુકલા દ્વારા દલીલ કરવામાં આવેલ કે સરફેશી એક્ટ -૨૦૦૨ કલમ-૩૪ અંતર્ગત કોઈપણ દીવાની કોર્ટ ઋણ વસુલાત ટ્રીબ્યુનલ અથવા એપેલેટ ટ્રીબ્યુનલને આ અધીનીયમથી અથવા તે હેઠળ નિર્ણય કરવાની સત્તા આપી હોય તેવી કોઈપણ બાબતના સંબંધમાં, કોઈપણ દાવો અથવા કાર્યવાહી કરવાની હકુમત રહેશે નહિ અને કોઈપણ કોર્ટ અથવા બીજી સતામંડળ આ અધિનિયમથી અથવા તે હેઠળ અથવા બેંક અને નાણાકીય સંસ્થાના લેણાં-દેવાની વસુલાત બાબત કોઈ મનાઈ હુકમ આપી શકાશે નહિ. જે દલીલ ધ્યાને લઇ જુનાગઢ કન્ઝયુમર કોર્ટે અરજદારની હોમ લોનના હમા ભરવામાંથી વચગળાનો મનાઈ હુકમ ફરમાવવાની અરજી ફગાવેલ અને હુકમ કરેલ કે મિલકત લોન પર હમા ન ભરવાનો આ પ્રકારનો મનાઈ હુકમ ફરમાવવાની સતા કન્ઝયુમર કોર્ટને નથી. આ કેસમાં ફાયનાન્સ કંપની વતી એડવોકેટ નલીકુમાર કે. શુકલ, અભિષેક એન. શુકલ, હેતલ એ. શુકલ, જય એન. શુકલ, જય ડી. બરદાણા, અજય એન. રાઠોડ, ભાર્ગવી એમ. પંડયા, મિતલ આર. ખખ્ખર, ભરત ટી. ઉપાધ્યાય, ધર્મેશ કે. દવે, વિશ્વરાજસિંહ કે. ગોહિલ, અવિન એસ. બાપત અને સહાયક તરીકે ભુવન કે, ડાંગર તથા નિકેત એસ. જોષી રોકાયેલા હતા.

રાજકોટઃ રૂ.૬૦ લાખનો ચેક પરત ફરવાના ગુનામાં આરોપીને કોર્ટનું તેડું

રાજકોટ તા.૬

શહેરમાં સસ્તા ભાવે જમીન અપાવી દેવાના બહાને કટકે કટકે રૂ.૧.૨૫ કરોડ રોકડા મેળવી લીધા બાદ ચુકવણી માટે આપેલો ચેક રૂ.૬૦ લાખનો ચેક પરત ફરવાના ગુનામાં મોર્ટ આરોપીને સમન્સ ઇસ્યુ કરી કોર્ટમાં હાજર થવા હુકમ કર્યો છે.આ કેસની હકીકત મુજબ રાજકોટના બેડી ગામે રહેતા વજશી અરજણ બેરાએ મફતના ભાવે જમીન અપાવી દેવાના બહાને ગાંધીનગર સચિવાલય તેમજ રાજકોટ કલેકટર સાથે વહીવટ કરવો પડશે તેમ કહી ફરીયાદી નિરવ ભટ્ટ પાસેથી કટકે કટકે રૂ.૧.૨૫ કરોડ રોકડા મેળવી લીધા હતા. ફરીયાદી પાસેથી આ રકમ મેળવ્યા બાદ ફરીયાદી નિરવ ભટ્ટ આર્થિક ગુન્હા નિવારણ શાખામાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવશે તેવી દહેશતે પોલીસ સ્ટેશન બહાર સમાધાનમાં બોલાવી રૂા.૬૦ લાખનો ચેક આપ્યો હતો અને બાકીની રકમ થોડા સમયમાં ચુકતે કરશે તેવું જણાવ્યું હતું. જે ચેક વગર વસુલાતે પરત ફરતા ફરીયાદીએ તેના એડવોકેટ સમીર ખીરા મારફત કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. એડવોકેટ સમીર ખીરાની દલીલો ધ્યાને લઈ આરોપીને કોર્ટમાં હાજર રહેવા કોર્ટે સમન્સ ઇસ્યુ કર્યું છે. આ કેસમાં ફરીયાદી વતી રાજકોટના ખ્યાતનામ સરકારી વકીલ સમીર ખીરા રોકાયા છે.

રાજકોટઃ શાપર વેરાવળમાં પત્નીની હત્યાના ગુનામાં પતિ નિર્દોષ

ગૃહકલેશથી કંટાળી લોખંડના સળિયાના ઘા ઝીંકી કુળવધુનું ઢીમ ઢાળી દીધું હતું

રાજકોટ તા.૬

શાપર વેરાવળમા ગૃહકલેશથી કંટાળી પત્નીને લોખંડના સળિયાના ઘા ઝીંકી હત્યા કરવાના ગુનામાં સંડોવાયેલા પતિને કોર્ટે નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ વેરાવળ(શાપર)સર્વોદય સોસાયટીમાં રહેતા પ્રેમજી ગોવિંદભાઈ પરમારે ગત તા૧૨/૧/૨૦૨૪ ના રોજ સાંજના છ્એક વાગ્યાના અરસામાં ગૃહકલેશથી કંટાળી પત્ની કમળાબેન પરમાર સાથે ઝઘડો કરી લોખંડના સળીયાના માથાના ભાગે સાતથી આઠ ઘા ઝીંકી મોત નિપજવ્યું હતું. આ અંગે મૃતકના પુત્ર બાબુ પરમારે માતાના હત્યારા પિતા સામે પોલીસ મથકમાં હત્યાનો ગુનો નોંધાવ્યો હતો. ફરીયાદના આધારે આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો.

જે કેસમાં તપાસ અધિકારી દ્વારા કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરવામાં આવ્યું હતું. જે કેસ ચાલવા ઉપર આવતા આરોપીના બચાવ પક્ષના એડવોકેટ દ્વારા દલીલ કરવામાં આવી હતી કે, મૃતકનુ મૃત્યુ સળીયા વડે માથામા સાત-આઠ ઘા મારવાથી થયુ હતુ અને મેડીકલ ઓફીસરની જુબાનીમાં મૃતકના શરીર ઉપરની કુલ-૧૪ પ્રકારની ઈજાઓનુ વર્ણન કર્યુ છે. તપાસ કરનાર અમલદારે મૃતકની ઈજા અંગે કોઈ તપાસ કરી નથી. ફરીયાદ મુળથી શંકાસ્પદ છે અને ફરીયાદી તથા સાહેદોના જુબાનીના કથનો વિરોધાભાષી અને શંકાસ્પદ છે. જેથી આરોપીને નિદોર્ષ છોડી મુકવા રજુઆત કરી હતી. બંને પક્ષોનો રેકર્ડ પરનો પુરાવો અને દલીલો ધ્યાને લઈ ગોંડલના ન્યાયાધીશ એચ.એ. ત્રિવેદીએ આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવા હુકમ કર્યો છે. આ કેસમાં આરોપીના બચાવ પક્ષે લીગલ એન્ડ કાઉન્સીલ તરીકે આઈ.બી.જાડેજા અને પ્રશાંતભાઈ સોલંકી રોકાયા હતા.

રાજકોટ સિવિલ હોસ્પિટલ બેદરકારી, દર્દીઓ પાસે સગા વ્હાલા નહીં પણ ઉંદરો

રાજકોટ,તા.૬

ગુજરાતમાં સરકાર દ્વારા દર્દીઓને સુવિધા અને સારી સારવાર મળે તે માટે સરકારી હોસ્પિટલોમાં સવલતો ઉભી કરવામાં આવે છે. ત્યારે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં વધી રહેલા ઉંદરના ત્રાસથી તંત્રએ આંખ આડા કાન કર્યાં છે. દર્દીઓનો આરોપ છે કે ઘોર બેદરકારી વચ્ચે દર્દીઓને હેરાન કરવા, દર્દીઓના જીવનને જોખમમાં મૂકવા અને બાળકોના મૃત્યુ જેવી ઘટનાઓ સામાન્ય બની ગઈ છે. સિવિલ હોસ્પિટલમાં પ્લાસ્ટિક સર્જરી જેવા મોંઘા વિભાગોમાં દાખલ દર્દીઓ હવે એક નવી પીડાદાયક સમસ્યાનો સામનો કરી રહ્યા હોવાની ફરિયાદો મળી રહી છે.

મળતી માહિતી અનુસાર, શહેરની સિવિલ હોસ્પિટલના પીએમએસવાય બિલ્ડિંગના ચોથા માળે પ્લાસ્ટિક સર્જરી વિભાગમાં બે મહિલાઓ સહિત ત્રણ દર્દીઓના હાથ-પગ મોટા ઉંદરોએ કરડ્યા હતા. ઉંદરોએ કરડેલા દર્દીઓમાં કાલાવડ રોડના રહેવાસી વનિતાબેન ચપટા અને જસદણના રહેવાસી ભાનુબેન રાદડિયા અને રમેશભાઈ જીવનભાઈનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે તેઓ પોતે પણ ઉંદરોની ક્રૂરતાનો ભોગ બન્યા છે.

દર્દીઓ કહે છે કે પીઓપીમાંથી પસાર થતી પાઈપ લાઈન મારફતે ઉંદરો હોસ્પિટલના વોર્ડમાં પ્રવેશી રહ્યા છે અને સાંજથી આખી રાત ધમાચકડી બોલાવી દર્દીઓના બેડ પર પણ પડીને દર્દીઓમાં ભય ફેલાવી રહ્યા છે. જાણકારો કહે છે કે, પાંચ વર્ષથી બનેલા પ્લાસ્ટીક સર્જરી વિભાગમાં ઉંદરના ત્રાસની સમયાંતરે ફરિયાદો કરવામાં આવી છે, પરંતુ ઉંદરનો ત્રાસ દૂર કરવા તંત્રએ કોઈ પ્રયાસ કર્યો હોય તેવું નથી જણાતું.

ઉંદરોના ત્રાસને સમાપ્ત કરવા માટે, ૨૦૧૮ માં ૨૦ થી ૨૫ લાખ રૂપિયાનું પેસ્ટ કંટ્રોલ ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું, પરંતુ તે સમયે મેડિકલ ડિરેક્ટરની બદલી અને આરોગ્ય વિભાગના વડા ગાંધીનગરથી બહાર જવાને કારણે, ટેન્ડર પ્રક્રિયા કોઈક રીતે ખોરવાઈ ગઈ છે. ગમે તે હોય, દર્દીઓની માંગ છે કે વહીવટીતંત્ર શક્ય તેટલી વહેલી તકે જાગે અને સિવિલ હોસ્પિટલમાં ઉંદરોના ત્રાસનો અંત લાવે.

રાજકોટઃ પ્રૌઢાને રીક્ષામાં બેસાડી પર્સમાંથી રૂ.૧.૦૮ લાખની ચોરી

રાજકોટ તા.૬

રાજકોટ શહેરમાં વધુ એક રીક્ષાગેંગ સક્રિય થઈ હોય તેમ પડધરીના ખજૂરડી ગામના ૫૭ વર્ષીય મહિલાની નજર ચૂકવી રૂ.૧.૦૮ લાખની મતાની ચોરી કરી નાસી છૂટતાં એ. ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. બનાવ અંગે પડધરીના ખજૂરડી ગામે રહેતાં રસીકબા ગુલાબસિંહ જાડેજા (ઉ.વ.૫૩) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અજાણ્યાં શખ્સનું નામ આપી જણાવ્યું હતું કે, ગઇ તા.૦૧/૦૨ ના સવારના સાડા નવ વાગ્યાની આસપાસ પોતાના ગામેથી લગ્ન પ્રસંગમાં મૂળીના ટીકકર ખાતે જવાનુ હોવાથી ઈક્કો ગાડીમાં બેસી રાજકોટના જામનગર રોડ પર રેલનગર જવાના ચાર રસ્તે ઉતરી ત્યાથી બસ સ્ટેન્ડ જવા ઓટો રીક્ષામાં બેસેલ ત્યારે રીક્ષામાં બે મહીલા પેસેન્જર બેસેલ હતા જેવો આગળ રીક્ષામાંથી ઉતરી ગયા હતા.ત્યારબાદ તેઓએ થેલામાં પોતાનું દુધીયા કલરનું પર્સ, મોબાઇલ તથા કપડા તેમજ પર્સમાં રોકડ રૂ.૩ હજાર અને ૨૨ કેરેટનો સોનાનો ચેઇન હતો. રીક્ષાનુ ભાડુ દેવા માટે પૈસા કાઢી પર્સ થેલામાં મુકી થેલાની ચેઈન બંધ કરી દીધેલ ત્યાર બાદ જ્યુબેલી ચોક ખાતેથી અન્ય બે મહીલા તથા તેની સાથે એક નાનુ બાળક રીક્ષામાં બેસેલ અને તેઓ બસ સ્ટેન્ડ પર ઉતરી રીક્ષાનું ભાડુ દઈ પોતાનો થેલો સાથે લઈ બસ સ્ટેન્ડમાં જતાં રહેલ હતાં.સુરેન્દ્રનગર જતી બસના પ્લેટફોમ પર બેસી થેલામાંથી મોબાઇલ કાઢવા માટે થેલો ખોલી જોતા થેલામાં મોબાઇલ હતો પરંતુ પર્સ જોવામાં આવેલ નહી, જે પર્સમાં સોનાનો ચેઈન રૂ.૧.૦૫ લાખ અને રોકડ રૂ.૩ હજાર મળી કુલ રૂ.૧.૦૮ લાખની મતાની ચોરી કરી અજાણ્યો શખ્સ નાસી છૂટતાં ફરીયાદ નોંધાવી હતી.

ઉનાઃ રૂા.૧.૨૫ લાખના ડ્રગ્સ સાથે બે શખ્સ ઝડપાયા

રાજકોટ તા.૬

ઉના શહેરના ગીર ગઢડા બાયપાસ રોડ પર આવેલા ઓવરબ્રિજ નીચે સિન્થેટિક ડ્રગ્સના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી લઇ ડ્રગ્સ અને મોબાઈલ મળી રૂપિયા ૧.૨૯ લાખનો મુદ્દામાલ કબજે કરી ધોરણ સરની કાર્યવાહી હાથ ધરી છે. વધુ વિગત મુજબ ગીર સોમનાથ જિલ્લામ